# જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર
## પ્રેરિત
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા



# રોડ સેફટી એન્ડ ટ્રાફિક મેનેજમેન્ટ





## પ્રેરક


ડૉ. ગૌરાંગ સી.વ્યાસ

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા







## પ્રયોજક


ડૉ. એસ.સી.રબારી

ડી.આર.યુ શાખા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા









# 🚦 લેખનવૃંદ 🚦

| નામ | **હોદ્દો** | **તાલુકો** |
|---|---|---|
| પરમાર ધનજીભાઈ વિરાભાઈ, | બી.આર.સી.કો.ઓર્ડીનેટર | ખેરાલુ |
| **દવે અનિલકુમાર જીતેન્દ્રપ્રસાદ** | સી.આર.સી સામેત્રા | મહેસાણા |
| મહેતા હેતલબેન અતુલકુમાર | સી.આર.સી.ખેરવા | મેહસાણા |
| **ચૌધરી પલ્કાબેન જીવરામભાઈ** | સી.આર.સી.સૂરજ | જોટાણા |
| પ્રજાપતિ કેતનકુમાર ધનાભાઇ, HTAT | નાનીકડી પે.સે.શાળા | કડી |
| **જાની ભાવિક ચંદુલાલ, HTAT** | ભાલેસરા પ્રા.શાળા | વડનગર |
| પ્રજાપતિ મનીષકુમાર બળદેવભાઈ | મુ.શિ. લક્ષ્મીપુરા(ડા) પ્રા.શાળા | ખેરાલુ |
| **દરજી રાજેશકુમાર ખેમચંદભાઈ** | મુ.શિ., ચતુરપુરા પ્રા. શાળા | ઊંઝા |
| દરજી નિતિનકુમાર રમેશચંદ્ર જોટાણા | બ્લોક એમ.આઈ.એસ.કો.ઓર્ડીનેટર | જોટાણા |
| **પટેલ મનુભાઈ અંબાલાલ** | ઉ.શિ., ઇન્દિરાનગર(દાસજ) પ્રાથમિક શાળા | ઊંઝા |
| ચૌધરી કિરણભાઈ પ્રતાપભાઈ | ઉ.શિ. મેઘાઅલિયાસણા પ્રાથમિક શાળા | મહેસાણા |
| **પટેલ જગદીશભાઈ મગનભાઈ** | ઉ.શિ., લાલાવાડા પ્રા.શાળા | ખેરાલુ |
| ચૌહાણ પંકજકુમાર જયંતીલાલ | ઉ.શિ સતલાસણા તાલુકા કુમાર શાળા | સતલાસણા |
| **દવે અમિતકુમાર ભુપેન્દ્રકુમાર** | ઉ.શિ. ભમરીયાપુરા પ્રા.શાળા | કડી |
| વણકર પ્રવિણકુમાર મણીલાલ | ઉ.શિ.વડપુરા પ્રા. શાળા | કડી |
| **પટેલ નિલેશકુમાર પ્રહલાદભાઈ** | ઉ.શિ. ફલુ પ્રા. શાળા | વિજાપુર |
| પટેલ પિયુષકુમાર રમણલાલ | ઉ.શિ. વડાવી પ્રા. શાળા | કડી |
| **ચૌધરી સંગીતાબેન માવજીભાઈ** | ઉ.શિ હાજીપુર પ્રા. શાળા | ઊંઝા |
| ગુર્જર હેમંતકુમાર સી | ઉ.શિ,પાલાવાસણા પ્રાથમિક શાળા | **મહેસાણા** |
| **પ્રજાપતિ મેહુલકુમાર મોહનભાઈ** | ઉ. શિ ગોવિંદપુરા અનુપમ પ્રા શાળા | વિજાપુર |
| નાયક વિમલકુમાર આર. | ઉ. શિ .**વિરમપુર પ્રાથમિક શાળા** | મહેસાણા |
| **રાજગોર દિલીપભાઈ વી.** | ઉ. શિ .લાંઘણજ કુમાર શાળા, | મહેસાણા |
| પ્રજાપતિ ચંદ્રકાન્ત એન. | ઉ.શિ **મોઢેરા પ્રાથમિક શાળા** | **બેચરાજી** |
| **ચૌધરી સુનિલકુમાર ડાહ્યાભાઈ** | ઉ.શિ હરસુંડલ પ્રાથમિક શાળા | જોટાણા |

# ROAD SAFETY AND TRAFIC MANAGEMENT

## રોડ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાપન

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પેજ નંબર |
|---|---|---|
| 1 | પ્રસ્તાવના | 3 |
| 2 | રોડ પરના માઈલસ્ટોન-ચિન્હો | 5 |
| 3 | અકસ્માત થવાના સંભવિત કારણો અને અકસ્માત નિવારણના ઉપાયો | 11 |
| 4 | ટ્રાફિક સમસ્યા અને તેને હલ કરવાના ઉપાયો | 17 |
| 5 | વાહન સંબંધિત વિવિધ સેવાઓ 1 | 24 |
| 6 | મનોવિજ્ઞાન સંદર્ભે વિઝ્યુલાઈઝેશન | 33 |
| 7 | રંગલો-રંગલી નાટ્યીકરણ,ગીત, જોડકણા, વગરે | 34 |
| 8 | સોશિયલ મિડીયાના દ્વારેથી | 43 |
| 9 | વિહિકલ એક્ટનો ટુંકસાર | 65 |
| 10 | રોડનું સ્વરૂપ ( વાહન વ્યવહાર માટેના રોડ અને તેના પ્રકાર ) | 68 |
| 11 | ટેકનોલોજીના વિકાસ માટે રોડનો વિકાસ | 79 |
| 12 | વાહન સંબંધિત વિવિધ સેવાઓ 2 | 81 |

# <u>Road Safety and Traffic Management</u>

## <u>પ્રસ્તાવના :</u>

વિકસતા વિશ્વએ ચોમેર દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરી છે.ઇન્ફર્મેશન અને ટેકનોલોજી ના યુગમાં માનવી અતિ પ્રગતિશીલ બન્યો છે.અતિ સુવિધાસભર જિંદગી જીવવા લાગ્યો છે.મુસાફરીની બાબત જોવા જઈએ તો સાધનનો મુસાફરી ક્ષેત્રે મહત્તમ ઉપયોગ થવા લાગ્યો છે.વધુ પડતા વાહન-વ્યવહારના પરિણામે અકસ્માતનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે.વધતા જતા અકસ્માતો રોકવા માટે છેવાડાના નાગરિક સુધી જાગૃતિ લાવવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,કુકસ મહેસાણા દ્વારા રોડ સેફટી એન્ડ મેનેજમેન્ટ મોડ્યુલ આપના કર કમલમાં મુકતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

સદર મોડ્યુલના માધ્યમથી ગામડાથી માંડી દેશની રાજધાની સુધી લોકોમાં જનજાગૃતિના અભાવે થતા અકસ્માતો,વિહિકલ એક્ટનું સરેઆમ ઉલ્લંઘન થતું રોકવા માટે,રોડ પર લગાવેલ ચિન્હોથી જ્ઞાત બને,વાહન વ્યવહારની ગતિ મર્યાદાના નિયમોની જાણકારી, ટ્રાફિક સમસ્યા અને તેને હલ કરવાના ઉપાયો,અકસ્માત પછી પ્રાથમિક સારવાર, વાહનવ્યવહાર ક્ષેત્રે ડ્રાઇવરની પાસે જરૂરી ડોક્યુમેન્ટ,ટેકનોલોજી ના વિકાસ સાથે રોડનો વિકાસ અકસ્માત થવાના સંભવિત કારણો,અકસ્માત નિવારણના ઉપાયો વગેરે દરેક ક્ષેત્રનું જ્ઞાન આપવાનો આપને પ્રયત્ન કરેલ છે.

ઉદ્દેશ :

**સદર મોડ્યુલ બનાવવાનો ઉદ્દેશ.**

- દેશનો દરેક નાગરિક વિહિકલ એક્ટથી જાણકારી પ્રાપ્ત કરે અને તેના થકી અમલીકરણમાં મુકે.
- રોડ પરના માઈલસ્ટોન તથા ચિન્હોથી જ્ઞાત થાય તથા અનુભવ થકી જ્ઞાન પ્રાપ્ત કરી અમલીકરણમાં મુકે.
- વાહનવ્યવહારના અલગ અલગ ઈમેજ નિહાળી જન જાગૃતિ થકી આકસ્મિક ઘટના નિવારણ શક્ય બને.
- ટ્રાફિક સમસ્યા અને તેને હલ કરવાના ઉપાયો વિષે જાગૃતિ કેળવે તથા ટ્રાફિક સમસ્યા હલ કરવા –કરાવવા માટે સહભાગી બને.

- અસંભવિત કારણોસર બનેલ અકસ્માત સમયે દર્દીને પ્રાથમિક સારવાર આપી નજીકની હોસ્પિટલે પહોચાડવા માહિતગાર બને.
- અકસ્માત થવાના સંભવિત કારણો જાણી મનોમન જાગૃતિ કેળવી.આકસ્મિક બનતી ઘટનાથી જાગૃતિ કેળવી બચાવ પ્રવુત્તિ વિષે જાણે.
- અવનવા જોડકણા,નાટિકા,ટુચકા, ભવાઈ થકી સાવચેતીમાં વધારો થાય તથા જીવન કૌશલ્યમાં સતેજ તથા સાવચેત બને.
- અકસ્માત બાદ કરવી પડતી પ્રક્રિયાની જાણકારી મેળવે તથા સામાજિક જાગૃતિ ફેલાવી સમાજને મદદરૂપ થાય.
- હકારાત્મક વિચારસરણી થકી ભવિષ્યમાં બનતી ઘટના ટાળવા ઉત્સાહી રહે.

# <u>* રસ્તા પરના વિવિધ માઈલ સ્ટોન *</u>

**જયારે તમે ક્યાંક ફરવા જાઓ છો તો રોડની સાઈડ પર કેટલાંક રંગના પથ્થર( માઈલ સ્ટોન )કે સ્ટેશનનું નામ અને અંતર બતાવે છે.આ પથ્થરોને તમે ધ્યાનથી જોયા હશે તો આ પથ્થરો અલગ અલગ રંગના અને અલગ અલગ રંગથી રંગાયેલા હોય છે.જેમ કે પીળા,કાળા,સફેદ વગેરે...શું તમને ખબર છે કે દરેક રંગનો અલગ મતલબ હોય છે.?**




1. નારંગી-સફેદ પથ્થર :- **જો તમને રોડની સાઈડમાં નારંગી-સફેદ રંગનો પથ્થર જોવા મળે તો સમજી જવાનું કે આ રસ્તાનું નિર્માણ પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના અંતર્ગત કરવામાં આવ્યું છે અને આ હાઈવે કોઈ ગામ તરફ જવા માટેનો લિંક રોડ છે.**




2. પીળો-સફેદ પથ્થર :- જો તમને રોડની સાઈડમાં પીળો-સફેદ રંગનો પથ્થર જોવા મળે તો સમજો કે તમે નેશનલ હાઈવે પર મુસાફરી કરી રહ્યા છો.પીળો-સફેદ પથ્થર નેશનલ હાઈવે પર જોવા મળે છે.રાષ્ટ્રીય ધોરીમાર્ગનું ચિન્હ.




3. લીલો-સફેદ પથ્થર :- જો રોડની સાઈડમાં આપને લીલા સફેદ રંગનો પથ્થર જોવા મળે તો તમે સ્ટેટ હાઈવે પર મુસાફરી કરી રહ્યા છો.આ રોડ રાજ્ય સરકાર હસ્તક છે.




4. વાદળી-કાળો-સફેદ પથ્થર :- જો રોડ પર વાદળી-કાળો-સફેદ પથ્થર જોવા મળે તો તમે કોઈ મોટા શહેરથી નજીક છો.આ રોડ શહેર તરફ જઈ રહ્યો છે.આ રસ્તો જે તે જિલ્લાની જવાબદારીમાં આવે છે.

વિડીયો:-

https://drive.google.com/file/d/1Nzg8BqCvig75QwDyeuotdgaAa393yEXs/view?usp=sharing

# રોડ પર જોવા મળતા વિવિધ ચિન્હો

ટ્રાફિકના નિયમનમાં અને ટ્રાફિકના નિયમોમાં રસ્તા પરના સંકેતો એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.રસ્તા પરના વિવિધ ચિન્હો રાજમાર્ગ,સડકમાર્ગ,પથમાર્ગ કે અન્ય રસ્તાની સાથે સાથે તેની આસપાસ ચાલનાર લોકો અને વાહન ચાલકોનું માર્ગદર્શન કરે છે.આ ચિન્હો આગળના રસ્તા માટે અને તેની દિશા માટે માર્ગદર્શન પૂરું પડે છે.માર્ગ પર ચિહ્નિત આ ચિન્હો વાહન ચાલકને આદેશ,ચેતવણી અને માર્ગદર્શન આપે છે.

**માર્ગ પરના ચિન્હોના મૂળ અને અર્થ** :-

માર્ગ પર મળતા આપની આસપાસના ચિન્હો ઈતિહાસમાં પૂર્વકાળથી જોવા મળે છે.આરંભિક માર્ગ ચિન્હો માઈલના પથ્થરના રૂપમાં જોવા મળતા હતા.જે પથ્થરો અંતર અને દિશા જોવા મળે છે.રોમ શાસનમાં પુરા રોમમાં અંતર અને દિશા દર્શાવવા પોતાના સંપૂર્ણ સામ્રાજ્યમાં પથ્થરના થાંભલા લગાવેલ હતા.સુરક્ષા એક વૈશ્વિક વિષય છે એટલે એ પ્રયાસ કરવામાં આવે છે કે માર્ગ ચિન્હો માટે સમાન ભાષા અને સમાન ચિન્હોની જરૂરિયાત ઉભી થઇ અને તે માટે આંતરરાષ્ટ્રીય માર્ગ અને વાહનવ્યવહાર સુરક્ષાને સુલભ બનાવવા માટે માર્ગ  ચિન્હ અને પ્રતિકોની આંતરરાષ્ટ્રીય એકરૂપતા આવશ્યક છે.જે અનુસંધાને અનેક દેશોમાં ચિત્રાત્મક સંકેતોનો પ્રયોગ શરુ થયો.

ભારતમાં મોટર વાહન અધિનિયમ ૧૯૮૮નું અનુસિચી-૧ માં માર્ગ ચિન્હોને નિર્ધારિત કરવામાં આવ્યા છે.માર્ગ વાહન વ્યવહારના સંકેતોના ત્રણ પ્રકાર છે.

(ક) ખતરાની ચેતવણી આપવા વાળા ચિન્હો

(ખ) વિનિયાનક ચિન્હો


(ગ) સૂચનાત્મક ચિન્હો

- ગોળાકાર સંકેત આદેશ આપે છે,ત્રિકોણાકાર સંકેત ચેતવણી આપે છે અને લંબચોરસ ચિન્હ સુચના પ્રદાન કરે છે.
- વાદળી રંગના ગોળાકાર ચિન્હ આદેશાત્મક અનુદેશ આપે છે. ઉ.દા. જમણી બાજુ વળો

તમામ ત્રિકોણીય સંકેત લાલ રંગના હોય છે.

વિડીયો:-

https://drive.google.com/file/d/1MXQrGCsJNyG3KLuQggYTVH5ls7dAuVu6/view?usp=sharing

| ક્રમ | ટ્રાફિકના ચિહ્નો | ટ્રાફિકના ચિન્હોની સમજ |
|---|---|---|
| 1 |  | થોભો |
| 2 |  | રસ્તો આપો |
| 3 |  | વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ છે. |
| 4 |  | સામેથી આવનાર વાહનોને પ્રાથમિકતા આપો. |
| 5 |  | તમામ વાહનો માટે વિસ્તાર પ્રતિબંધિત છે |
| 6 |  | ટ્રકો માટે પ્રવેશ પ્રવેશ પ્રતિબંધિત વિસ્તાર |
| 7 |  | બળદ ગાડું અને હાથ લારી માટે પ્રતિબંધિત વિસ્તાર |
| 8 |  | બળદગાડાના પ્રવેશ પર પ્રતિબંધ છે. |
| 9 |  | ઘોડાગાડી માટે પ્રતિબંધિત વિસ્તાર |
| 10 |  | હાથ લારી માટે પ્રતિબંધિત વિસ્તાર |
| 11 |  | સાયકલ માટે પ્રતિબંધિત વિસ્તાર |
| 12 |  | જમણે વળવું પ્રતિબંધિત છે. |
| 13 |  | રાહદારીઓ માટે પ્રતિબંધિત વિસ્તાર |
| 14 |  | ડાબા વળાંક પર પ્રતિબંધ છે. |

| | | |
|---|---|---|
| 15 |  | યુ.ટર્ન પર પ્રતિબંધ છે- |
| 16 |  | ઓવરટેકિંગ પર પ્રતિબંધ છે. |
| 17 |  | હોર્ન વગાડવાની મનાઈ છે |
| 18 |  | (પહોળાઈ મર્યાદા)2 મીટરથી વધુ પહોળા વાહનો પ્રતિબંધિત છે. |
| 19 |  | (ઊંચાઈ મર્યાદા )3.5 મીટરથી ઉપરના વાહનો પ્રતિબંધિત છે |
| 20 |  | (લંબાઈની મર્યાદા )10 મીટરથી વધુ લાંબા વાહનો પ્રતિબંધિત છે |
| 21 |  | (વજન મર્યાદા )5 ટનથી વધુ વજનવાળા વાહનો પ્રતિબંધિત છે |
| 22 |  | (એક્સલ લોડ મર્યાદા માત્ર)4 ટન કે તેથી ઓછા એક્સલ લોડવાળા વાહનો આપુલ પરથી પસાર થઈ શકે છે) |
| 23 |  | ઝડપ મર્યાદા (દંડની કાર્યવાહી અને માર્ગ અકસ્માતો ટાળવા માટે નિર્ધારિત ગતિ મર્યાદામાં વાહન ચલાવો) |
| 24 |  | વાહન રોકવા કે પાર્ક કરવા પર પ્રતિબંધ છે. |
| 25 |  | ડાબે વળવું ફરજિયાત છે. |
| 26 |  | ફોરવર્ડ ચેનલ ફરજિયાત છે. (ફક્ત આગળ) |
| 27 |  | જમણે આગળ વળવું ફરજિયાત છે. |
| 28 |  | પેટ્રોલ પંપ |
| 29 |  | દવાખાનું |

| | | |
|---|---|---|
| 30 |  | પ્રાથમિક સારવાર કેન્દ્ર |
| 31 |   | હોટલ |
| 32 |  | અલ્પાહાર |
| 33 |  | આરામ ગૃહ |
| 34 |  | રસ્તો બંધ છે. |
| 35 |  | બસ સ્ટેશન |
| 36 |  | રેલ્વે સ્ટેશન |
| 37 |  | સાર્વજનિક ટેલિફોન |
| 38 |  | આગળ ટનલ છે. |
| 39 |  | રાહદારી રસ્તો |
| 40 |   | બંને દિશામાં પાર્કિંગની જગ્યા |
| 41 |   | સાઇકલ પાર્કિંગની જગ્યા |
| 42 |   | સાઇકલ રિક્ષા પાર્કિંગની જગ્યા |
| 43 |   | સ્કૂટર અને મોટર સાઇકલની પાર્કિંગની જગ્યા |
| 44 |   | ટેક્સી પાર્કિંગની જગ્યા |
| 45 |   | રિક્ષા પાર્કિંગની જગ્યા |

# ટ્રાફિક સિગ્નલ લાઈટ

**પ્રસ્તાવના:**

શું તમે જાણો છો ? તમને જાણીને નવાઈ થશે કે દુનિયાની સૌથી પહેલી ટ્રાફિક લાઈટ 10 ડિસેમ્બર 1868માં લંડનના બ્રિટીશ હાઉસ ઓફ પાર્લામેન્ટ સામે લગાવવામાં આવી હતી. રસ્તા પર સલામત રીતે ચાલવા માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.આ નિયમોમાં ટ્રાફિક સંકેતો પણ સામેલ છે.જેના વિશે મોટાભાગના લોકો વાકેફ હશે.જો કે ટ્રાફિક સિગ્નલમાં લાઈટના ત્રણ રંગ (લાલ,પીળો અને લીલો)હોય છે, પરંતુ શું તમે જાણો છો કે આ રંગનો ઉપયોગ ટ્રાફિક લાઈટમાં શા માટે કરવામાં આવે છે, શા માટે અન્ય કોઈ રંગ નહીં ?



**લાલ લાઈટ (Red Light) :**

ટ્રાફિકમાં લાલ લાઈટનો અર્થ એ છે કે તમે વાહનને રોકો છો(થોભાવો છો).આ રંગ અન્ય  રંગોની તુલનામાં ખૂબ જ ઘાટો હોય છે.તે દૂરથી દેખાવા લાગે છે.આ રંગનો ઉપયોગ સંકેત આપે છે કે આગળ ભય છે,તમે વાહનને બંધ કરો. જ્યારે સિગ્નલ પર લાલ બત્તી દેખાય છે, ત્યારે ડ્રાઇવરે તેનું સખતપણે પાલન કરવું જોઈએ; અન્યથા લાલ લાઈટ કૂદવા બદલ ભારે ટ્રાફિક દંડ વસૂલવામાં આવી શકે છે.



**પીળી લાઈટ (Yellow Light):**

પીળી લાઈટનો અર્થ થાય છે રાહ જોવી અથવા ધીમી ગતિએ જવું. પીળો રંગ ઉર્જા અને સૂર્યનું પ્રતિક માનવામાં આવે છે.આ રંગ સૂચવે છે કે તમે તમારી ઉર્જાને સમેટીને ફરીથી રસ્તા પર ચાલવા તૈયાર થઇ જાઓ અને તમારા થોભાવેલા વાહનને સ્ટાર્ટ કરો.



**લીલી લાઇટ(Green Light):**

લીલી લાઈટ થતાં જ તમે આગળ વધી શકો છો.લીલો રંગ પ્રકૃતિ અને શાંતિનું પ્રતિક માનવામાં આવે છે.લીલા રંગનો ઉપયોગ ટ્રાફિક લાઈટમાં થાય છે તે ભયથી વિરુદ્ધ છે તેવું નિર્દેશ કરે છે.આ રંગ આંખોને હળવી બનાવે છે.આનો અર્થ એ છે કે હવે તે કોઈ પણ જોખમ વિના આગળ વધી શકો છો.

વિડીયો લિંક:-

https://drive.google.com/file/d/1pDRTR2QWi9TYroREksXkFF_Lo7KBf7gW/view?usp=sharing

# <u>અકસ્માત થવાના સંભવિત કારણો અને અકસ્માત નિવારણના ઉપાયો</u>

આજના ટેકનોલોજીના ઝડપી સમયમાં કોઇપણ વ્યક્તિ પાસે સમય નથી અને આ સમયને પહોંચી  વળવા તે માનસિક દબાણ હેઠળ આવી ગયો છે. આ માટે તેને અકસ્માતોનો ભોગ બનવું પડે છે.રોડ સેફટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંતર્ગત વ્યક્તિને અકસ્માત થવાના અનેક કારણો જવાબદાર છે, જે પૈકી કેટલાક કારણો અહીં તારવીને આપની સમજ માટે મુકવામાં આવેલ છે.

- અકસ્માત થવાના સંભવિત કારણો

**(૧) વાહન ચાલકની ભૂલ ના કારણે**



- **વાહનોની ગતિમાં વધારો હોય તો.**
- વાહન ચાલકે સીટ બેલ્ટ ન બાંધ્યો હોય તો.
- દ્વિચક્રીય વાહન સવારે હેલ્મેટનો ઉપયોગ ન કર્યો હોય તો.



- વાહન ચાલક નશાકારક પદાર્થોનું સેવન કરેલ હોય : ધુમ્રપાન , શરાબ , કેફી દ્રવ્યો .




- વાહનચાલક નિયમોથી અજાણ હોય ત્યારે.
- પાછળના વાહનને જોયા વગર દરવાજો ખોલવો.



- વાહન ચાલક ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરે ત્યારે
- લાયસન્સ વગર ડ્રાઈવિંગ કરે ત્યારે.
- વાહન ચાલકની માનસિક સ્થિતિ જેમ કે કોઈ ઘટના બની હોય તો ક્રોધ કે ગુસ્સામાં ડ્રાઈવિંગ કરતા હોય તો.



- રાત્રે ડ્રાઈવિંગ કરવાનું થાય ત્યારે (વધુ કામનો બોજ, થાક ,માંદગી, ઊંઘ, માનસિક તાણ, જીદ વગેરે સમયે)
- નાની ઉમરે બાળકો કે કિશોરો  વાહન ચલાવતા હોય તો.
- ચાર રસ્તા કે વળાંક ઉપર ધ્યાન રાખ્યા વગર રસ્તો ઓળંગે તો.
- આજુ-બાજુ, આગળ-પાછળ જોયા વિના રોડ પર અચાનક વાહન ઉભું રાખવું.
- બે વાહનો વચ્ચે રેસ લગાવવાના કારણે.





**(૨) રોડ ઇન્ફ્રાસ્ટ્રકચરની અપૂરતી જાળવણી.**

- બિસ્માર રસ્તા.
- પદયાત્રીઓ માર્ગ પર વિરુદ્ધ દિશામાં ચાલે ત્યારે.

**(3) વાહનની ખરાબીના કારણે**



- વાહન યોગ્ય રીતે કામ ન કરતું હોય.
- વાહનમાં નિયમ મુજબ હવા ભરેલ ન હોય તો.
- વાહનમાં ટાયર ઘસાયેલા હોય તો.
- વાહનના ટાયર હલકી ગુણવત્તાના હોય તો .
- વાહનમાં બ્રેકની યોગ્ય મરામત કરેલી ન હોય તો.
- બ્રેક ડાઉન વખતે ઉભેલા વાહનની પાછળની લાઈટ ચાલુ ન હોય તો.



**(૪) કુદરતી ઘટનાઓ જેવી કે વાવાઝોડું, વરસાદ, પવન, વૃક્ષો પડવા, ધુમ્મસ, પ્રાણીઓ આડે આવવા (કૂતરું, બિલાડી,ગાય, ભૂંડ, નીલગાય વગેરે)**



**(૫) અન્ય કારણો**

- બીજા વાહનને બચાવવા જતા પોતાના વાહન પરનો કાબુ ગુમાવતા.
- રહેણાંક વિસ્તારમાં ચાલુ વાહને મ્યુઝીક સિસ્ટમ ચાલુ રાખે તો.
- વાહનની સાઈડ લાઈટ ચાલુ કર્યા વગર વાહન ડાબી કે જમણી બાજુ વાળી લેવું.



- ઝીબ્રા ક્રોસિંગની અવગણના કરી વાહન ચલાવવું.
- ઓવર ટેક કે જોખમી વળાંકમાં પણ સ્પીડ ન ઘટાડવી.
- વાહનની ક્ષમતા અથવા RTOના નિયમ કરતા વધારે મુસાફરો બેસાડવા.



- વહેલી સવાર કે સાંજે વાહનની લાઈટનો ઉપયોગ ન કર્યો હોય તો.
- ઊંટ લારી , ગાડું કે ટ્રેક્ટરને રાત્રે રોડ ઉપર ઘાસચારો ભરીને જતા હોય તો તેમની પાછળ રેડીયમપટ્ટી ન લગાવેલ હોય તો.



- વાહનોની હેડલાઈટના કારણે  આંખો અંજાઈ જાય ત્યારે.

❖ વિડીયો લિંક:

https://drive.google.com/file/d/1MKY4TAz86aIfseQdUSd3wrcu5Q6sKWTN/view?usp=sharing

## માર્ગ અકસ્માત નિવારણના ઉપાયો.

### (1) વાહન ચાલકે રાખવાની કાળજી

✓ વાહન ચલાવતી વખતે હેલ્મેટ, સીટ બેલ્ટ અને અન્ય સુરક્ષા સાધનો ફરજિયાત પહેરો. "સાવચેતી આપણને બચાવે છે".“Safety saves”.







✓ વાહનની ગતિ મર્યાદા નિયમ મુજબ જ રાખવી. "સ્પીડ રોમાંચિત કરે છે પણ સ્પીડ મારો જીવ લઇ શકે છે”

✓ રસ્તા પર વાહન ચલાવતી સમયે બે વાહન વચ્ચે સલામત અંતર રાખીને જ વાહન ચલાવવું જોઈએ.

✓ શરાબ કે નશીલા પદાર્થોનું સેવન કરીને વાહન ચલાવવું નહીં.



✓ વાહન ચલાવતી વખતે ફોનનો ઉપયોગ કરવો નહીં."રસ્તા પરનો મોબાઈલ કોલ તમારા જીવનનો છેલ્લો કોલ હોઈ શકે છે, તે સીધો યમરાજા ને પણ લાગી શકે છે."




✓ રાત્રે વાહન ચલાવતી વખતે ડીપર લાઈટનો યોગ્ય ઉપયોગ કરવો.

✓ અત્યંત જરૂરી ન હોય ત્યાં સુધી રાત્રિ ડ્રાઇવિંગ ટાળવું જોઈએ. રાત્રે અંધારામાં આગળની વસ્તુનો અંદાજ લગાવવો અઘરૂં કામ છે, જે ભ્રમિત કરી શકે છે.

✓ ડ્રાઇવિંગ શીખ્યા પહેલાં ડ્રાઇવિંગ કરવું નહીં. ડ્રાઇવિંગ શીખતી વખતે વખતે લાયસન્સ ધરાવનાર ડ્રાઇવર જોડે હોવો જોઈએ.

✓ ડ્રાઇવિંગ કરતી વખતે કોઈ અખતરા કે સ્ટંટ કરવા નહીં, નિયમ મુજબ જ ડ્રાઇવિંગ કરવું.




✓ ઝઘડો, તનાવ, અનિંદ્રા, ગુસ્સો હોય કે તબિયત સારી ન હોય ત્યારે વાહન ન ચલાવવું જોઈએ.

✓ સાઈડ લાઈટ બતાવ્યા વિના કે વોર્નિંગ આપ્યા વિના લેન બદલવી જોઈએ નહીં.

✓ ગાડી ચલાવતી વખતે બેધ્યાન ન થવાય એ માટે સતર્કતા રાખવી ખાસ જરૂરી છે.(ચાલુ વાહને પાણી પીવું નહિ કે ભોજન કરવું નહિ તેનાથી બેધ્યાન થઇ શકે છે.)

✓ ક્યારેક ટ્રાફિક ન હોય ત્યારે સિગ્નલ પર લાલ લાઈટ હોય તો પણ વાહન ચાલક રોકાયા વિના સિગ્નલ તોડીને વાહન ચલાવે છે અને અકસ્માતનો ભોગ બને છે. ટ્રાફિક ન હોય તો પણ સિગ્નલ ન તોડવું જોઈએ.

✓ સતત લાંબા સમય સુધી વાહન ચલાવશો નહીં. સતત ડ્રાઇવિંગના દર 2 કલાક પછી યોગ્ય વિરામ લો. યાદ રાખો કે "માણસ એ માણસ છે, મશીન નથી".

**(2) વાહન સંબધિત કાળજી**

✓ વાહનોને સમયાંતરે સર્વિસ કરાવીને વ્યવસ્થિત રાખવા જોઈએ.

✓ વાહનોમાં બ્રેક તથા ટાયર વ્યવસ્થિત હોવા જોઈએ. ટાયરમાં હવાનું દબાણ નિયમ મુજબ હોવું જોઈએ.

✓ વરસાદી વાતાવરણ કે ધુમ્મસ વાળું વાતાવરણ હોય એવા સમયે ખાસ કાળજી રાખીને વાહન ચલાવવું જોઈએ.

✓ વાઈપર યોગ્ય રીતે કામ કરે એ કાળજી રાખવી જોઈએ. કાચ બરાબર સાફ રાખવા જોઈએ.

✓ વાહનની મર્યાદા કરતાં વધારે મુસાફરો ન બેસાડવા જોઈએ.

✓ માલવાહક સાધનોમાં ક્ષમતા કરતાં વધારે માલ ભરવો જોઈએ નહિ.




**(3) રસ્તા સંબધિત કાળજી**

✓ રાત્રિ દરમિયાન વળાંક તથા રસ્તો સ્પષ્ટ દેખાય એ માટે રિફ્લેકટર પટ્ટીઓ અને સાઈન બોર્ડ વાહન ચાલકને સ્પષ્ટ દેખાય એવા હોવા જોઈએ.

✓ બર્ફીલા વિસ્તારમાં, પર્વતીય પ્રદેશોમાં, ડુંગરાળ પ્રદેશોમાં ડ્રાઇવિંગ કરતી વખતે વિશેષ કાળજી રાખવી જરૂરી છે.

✓ રાહદારીઓ માટે રોડ પર અલગથી જગ્યા હોવી જોઈએ અને અલગ રંગથી તેનો નિર્દેશ કરેલો હોવો જોઈએ.

✓ રસ્તા પરના ખાડા અને તુટેલા રોડના કારણે પણ અકસ્માત થાય છે. રોડ રસ્તા નિયમિત રીતે સમારકામ કરતા રહેવું જોઈએ.

✓ રસ્તા પર ભટકતા ઢોર કે અન્ય પ્રાણીઓ ન આવે એવી વ્યવસ્થા હોવી જોઈએ.

✓ રોડ પર કામ કરતાં માણસો માટે સ્પષ્ટ દેખાય એવા રંગવાળા પટ્ટા કે સંકેત હોવા જોઈએ.

✓ રોડ પર રખડતાં પશુઓ સ્પષ્ટ દેખાય એ માટે એમના શિંગડાં પર કે શરીર પર રંગીન રિફ્લેકટર પટ્ટીઓ લગાવેલી હોવી જોઈએ.

**(4) પ્રચાર અને પ્રસાર**

જો અકસ્માતનો બનાવ બને કે અકસ્માત જોવા મળે તો શું કરવું? તેની તાલીમ આપીને તમામ નાગરિકોમાં જાગૃતતા આવે એવા કાર્યક્રમો કરી પ્રચાર પ્રસાર કરવો જોઈએ.

વાહન ચલાવતાં પહેલાં ટ્રાફિક ચિહ્નો, સિગ્નલો, લાઇટ્સ અને ટ્રાફિક સલામતીના નિયમો જાણો. હંમેશા યાદ રાખો કે "રોડ સલામતીના નિયમો પાળવા એ અકસ્માતો ટાળવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે."




ફોટોગ્રાફ અને માર્ગદર્શન સંદર્ભ:- મહેસાણા પોલીસ ટીમ

વિડીયો:- https://drive.google.com/file/d/1alHEOj6b3OGolqit-NjSUXUmHpN3O7bj/view?usp=sharing

# ટ્રાફિક નિયમન અને સમસ્યાને હલ કરવાના ઉપાયો

- સૌ પ્રથમ તો ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટેસ્વયં જાગૃતિ ખૂબ જ જરૂરી છે.
- દરેક વ્યક્તિએ ટ્રાફિકના નિયમોનું ફરજિયાત પાલન કરવું જોઈએ.




- 

- વાહન ચાલકે શક્ય હોય ત્યાં સુધી એક જ લેનમાં વાહન ચલાવવું જોઈએ અને જ્યારે જે દિશામાં જવાનું હોય ત્યારે થોડાક અંતર પહેલા જ એ લેનમાં વાહન લઈ જવું જોઈએ



- વાહન રોંગ સાઈડમાં ચલાવવું હિતાવહ નથી.



- લાયસન્સ વગર વાહન ચલાવવું જોઈએ નહીં.
- જ્યારે વાહનને ડાબી કે જમણી બાજુએ વળાંક લેવાનો હોય ત્યારે યોગ્ય સિગ્નલનો ઉપયોગ કરવો જોઈએ.



- ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ ટાળવો જોઈએ અને જો વાત કરવી અનિવાર્ય જ હોય તો રસ્તાની સહેજ ડાબી બાજુએ વાહન ઊભું રાખીને વાતચીત કરવી હિતાવહ છે.



- કેટલાક વાહનો કે જેમને ઇમર્જન્સી હોય જેવા કે એમ્બ્યુલન્સ અને ફાયર ટ્રક વગેરેને વાહન હંકારવા માટે રસ્તો(સાઈડ) આપવો જોઈએ.
- જો શક્ય હોય તો ખાનગી વાહનની જગ્યાએ સામૂહિક જાહેર વાહનો જેવા કે બસ, રેલ,મેટ્રોટ્રેન, બુલેટટ્રેન, વગેરેનો ઉપયોગ કરવો જોઈએ.
- નજીકના સ્થળોએ જવા માટે ચાલીને અથવા સાયકલનો ઉપયોગ કરવો જોઈએ.
- મોટા શહેરો કે જ્યાં જાહેર સાયકલ સ્ટેન્ડની સુવિધા હોય (ઉદાહરણ તરીકે ગાંધીનગર અને અમદાવાદમાં માય ઇ બાઇક એપ) ત્યાં તેનો વધુમાં વધુ ઉપયોગ કરવો જોઈએ.



- મોટા શહેરો કે જ્યાં સાયકલ ચલાવવા માટેના કે ચાલવા માટેના ટ્રેકની અલગ સુવિધા હોય તો જે તે ટ્રેક પર જ રહેવું જોઈએ.
- જાહેર રસ્તા ઉપર ગેરકાયદેસર દબાણ હોય તો દૂર કરવા જોઈએ.
- ધીમી ગતિથી ચાલતા વાહનો જેવા કે રોલર,JCB,ટ્રેક્ટર તથા પ્રાણીઓ કે વ્યક્તિઓ દ્વારા ખેંચાતા વાહનો જેવા કે ઊંટલારી, પેડલ રીક્ષા, વગેરેને શક્ય હોય તો પિક અવર્સ એટલે કે સવારના ત્રણ કલાક અને સાંજના ત્રણ કલાક માટે પ્રતિબંધ મૂકવો જોઈએ.
- ટ્રાફિકના નિયમોને સમજાવતા ઓડિયો, વિડીયો, ચિત્રો, સુત્રો, વગેરે દ્વારા શાળાઓ અને વિદ્યાલયોમાં સમજ અપાવી જોઈએ.
- વરઘોડાઓ, સરઘસો, રેલીઓ, શોભાયાત્રાઓ, ઢોર-ઢાંખર લઈને નીકળતા લોકોએ રસ્તામાં ટ્રાફિક ન થાય તેનું ધ્યાન રાખવું અને અન્યને સાથ સહકાર આપવો.
- સડક પર થતા ખોદકામ અને મરામતના કામ શક્ય તેટલી ઝડપે પૂરા કરવા જોઈએ.
- બાયપાસ રોડ, ઓવરબ્રિજ, ફ્લાય ઓવર, એક્સપ્રેસ હાઈવે, નેશનલ હાઈવે, રીંગરોડ વગેરે જેવી સુવિધાઓનું નિર્માણ કરવું જોઈએ.



- ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ.
- જો શક્ય હોય તો, જ્યારે ટ્રાફિકનો ઉલ્લંઘન થાય, તો તરત જ એ જ સમયે એસએમએસ,વોટ્સએપ કે અન્ય માધ્યમ દ્વારા વાહનચાલકને જાણ થાય અને ઘટતી કાર્યવાહી થાય એ સુનિશ્ચિત કરવું જોઈએ.




- જો કોઈ વાહનચાલક કોઈ સંજોગોમાં વાહન ચલાવવા માટે સમર્થ ન હોય જેમ કે કેફી પદાર્થનું સેવન કર્યું હોય કે દારૂનું સેવન કર્યું હોય કે લો બી.પી. જેવી જેવી અન્ય શારીરિક તકલીફ હોય તો તે સમયે વાહન ચલાવવું ન જોઈએ.
- ચાલુ ગાડીએ ગાડીમાં રહેલ LCD સ્ક્રીન જોવાના કિસ્સામાં ટ્રાફિક ન થાય તેવું ખાસ ધ્યાન રાખવું.



- **રાહદારીઓએ રોડ ઓળંગવા માટે ઓવર બ્રિજ, અન્ડર બ્રિજ અને જીબ્રા ક્રોસિંગ નો જ ઉપયોગ કરવો જોઈએ.**

  **વિડીયો:-**

  https://drive.google.com/file/d/1x0s56gvrikHWVCFX23Q7nglgEoBOKNS6/view?usp=sharing

# કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર NETRAM (VISWAS PROJECT) ની મુલાકાત

ટ્રાફિક કંટ્રોલ બાબતની માહિતી મેળવવા માટે પોલીસ અધિક્ષકશ્રીની કચેરી મહેસાણાની મુલાકાત લેવામાં આવી. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં **NETRAM**માં કેવી રીતે કામગીરી થાય છે? તેની માહિતી મેળવવામાં આવી. મહેસાણા શહેરમાં લગભગ **300** થી વધુ કેમેરા હાલ કાર્યરત છે. તેના દ્વારા શહેરના તમામ રસ્તા પરના વાહન વ્યવહારની દેખરેખ રાખવામાં કરવામાં આવે છે.



"રોડ સલામતી એટલે માનવ જીવનની સલામતી" રોડ સલામતી માટે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી એક્ટ **2018** ની રચના અને અમલીકરણ કરવામાં આવેલ છે. ગુજરાતમાં અંદાજે દર વર્ષે **7000** જેટલા માનવ મૃત્યુ થાય છે. રોડ સેફ્ટી ઓથોરિટી સાથે જુદા જુદા વિભાગ સાથે સંકળાયેલા છે.

**(1)** ટ્રાફિક નિયમોના પાલન માટે ગૃહ વિભાગની સાથે પોલીસ ખાતું.

**(2)** વાહનવ્યવહાર વિભાગ માટે **RTO**

**(3)** માર્ગ અકસ્માત થયા પછી તાકીદની સારવાર માટે આરોગ્ય વિભાગ સંકળાયેલા છે.

ટ્રાફિક નિયમન માટે સમગ્ર શહેરમાં સમગ્ર શહેરમાં જુદા જુદા પ્રકારના કેમેરા ગોઠવવામાં આવેલા છે. જેમાં કેટલાક ફિક્સ કેમેરા હોય છે અને કેટલાક મુવેબલ હોય છે. કેમેરા દ્વારા વાહનની નંબર પ્લેટ જોઈ તેની તમામ વિગતો જોઈ શકાય છે. વાહનની તમામ ગતિવિધિ રેકોર્ડ થઈ શકે છે.




મુવેબલ કેમેરા દ્વારા વાહનની ક્યાંથી ક્યાં જાય છે? કેટલી ઝડપથી જાય છે? એ તમામ વિગતો જાણી શકાય છે. ટ્રાફિક નિયમનની સાથે સાથે અપરાધ રોકવા માટે પણ નેત્રમ એક અગત્યનું માધ્યમ છે. જેમાં છેલ્લા

ત્રણ મહિના સુધીના કેમેરાની રેન્જમાં આવતા તમામ વાહન વ્યવહારની રેકોર્ડેડ માહિતી જોવા મળી શકે છે.

જો કોઈ વાહન ચાલક ટ્રાફિકના નિયમનો ભંગ કરે છે તો કમાન્ડ એન્ડ કંટ્રોલના વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ નેત્રમમાં તરત જ ઈ-ચલણ જનરેટ થાય છે અને વાહનચાલકના મોબાઈલ ઉપર તરતજ મેસેજ જાય છે.



જિલ્લા માર્ગ સલામતી સમિતિની દર માસે એક બેઠક યોજવામાં આવે છે. જેમાં માર્ગ સલામતી બાબતે કાળજી રાખવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા ત્રણ પ્રકારે સલામતીનું કામ કરવામાં આવે છે, એન્ફોર્સમેન્ટ, એજ્યુકેશન અને અવેરનેસ. ટીમવાન પ્રોજેક્ટ દ્વારા ગામડાઓમાં, જાહેર જગ્યાઓમાં અને શાળાઓમાં ટ્રાફિક અવેરનેસ અને રોડ સલામતી માટે જાગૃતિ માટેના પ્રયત્નો કરવામાં આવે છે. દરેક આરટીઓ દ્વારા અને ટ્રાફિક પોલીસ દ્વારા પણ સમયાંતરે આ રીતે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

- ટ્રાફિક સુરક્ષા સંદર્ભે નેત્રમ સેન્ટર મહેસાણા પોલીસ ઈન્ટરવ્યું લિંક :-
  https://drive.google.com/file/d/1-ByAwfacK-rbS5HOQNd9jyP2zvl8Ohct/view?usp=sharing

વિડીયો:- https://drive.google.com/file/d/1rhn3h4vdurr-31C5XnQ7oa9Y3Rfwblsv/view?usp=sharing

# <u>સ્લોગન</u>

(૧) નસીબ બચાવે કોઈક વાર, સુરક્ષા બચાવે વારંવાર

(૨) અકસ્માત એ કુદરતની દેણ નથી, આપણી ભૂલનું પરિણામ છે.

(૩) યાદ રાખો, સલામતીનો રસ્તો, સરવાળે સસ્તો.

(૪) અકસ્માતથી થાય વ્યથા, સુરક્ષા અપનાવવાની પાડો પ્રથા.

(૫) અકસ્માત થતા વળતર મળે, કપાયેલા અંગ વેચાતા ના મળે.

(૬) જો કરે સુરક્ષા સે કામ, ઉસકા રહે હંમેશા અચ્છા નામ.

(૭) સલામતીના અક્ષર ચાર, સમજે તેનો બેડો પાર

(૮) માથું રહે સલામત, હેલ્મેટની છે એ કરામત

(૯) ઝડપની મજા, મોતની સજા

(૧૦) અકસ્માત એક ને પરેશાની અનેકને

(૧૧) જે સલામતીથી શરમાય, તે જિંદગીથી કરમાય

(૧૨) બેદરકારી એટલે મૃત્યુને આમંત્રણ

(૧૩) તમારી સલામતી, અન્યની પણ સલામતી

# પ્રકરણ :- વાહન સબંધિત વિવિધ ઓનલાઈન અરજી કેવી રીતે કરવી?

## ❖ 1.વાહનો માટે વીમા પોલિસી

ભારતમાં તમામ પ્રવાહન ના વાહનો માટે વીમા પોલિસી ફરજિયાત (vehicle insurance policy) છે. હાલ કુદરતી કે માનવ સર્જિત વાહન ણોસર વાહન ને અકસ્માત (Vehicle Accident) થવાનું જોખમ રહે છે, જેમાં તમારે નાણાંકીય નુકસાન સહન કરવાનો વારો આવી શકે છે. આવી સ્થિતિમાં વાહન ની ઈન્શ્યોરન્સ પોલિસી (Vehicle Insurance policy) તમારા વાહન અને થર્ડ પાર્ટીના જાન-માલના નુકસાન સામેની (third party liability insurance) નાણાંકીય જવાબદારીઓથી બચાવશે.




ભારતમાં મોટર વ્હિકલ એક્ટ હેઠળ રસ્તાઓ પર દોડતા તમામ પ્રવાહન ના વાહનો માટે વ્હિકલ ઈન્સ્યોરન્સ એટલે કે વાહનનો વીમો હોવો ફરજિયાત છે અને તેના વગર વાહન ચલાવવું અપરાધ માનવામાં આવે છે. જો તમારી પાસે જૂની વાહન છે અથવા તો નવી વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો તો વાહન ઈન્સ્યોરન્સ કવરેજ સંબંધિત પાસાઓને સમજવા બહુ આવશ્યક છે. આ સલાહ એટલા માટે જરૂરી છે વાહન કે રસ્તા પર ચાલતી વખતે સાવચેતી રાખવા છતાં અચાનક કોઈ અકસ્માતમાં વાહન ને અચાનક નુકસાન થઈ શકે છે. બ્રેકડાઉન, કુદરતી અથવા માનવસર્જિત આફત જેવા વાહન ણોસર તમને અને તમારા વાહનને પણ નુકસાન થઈ શકે છે. વાહન માટે વીમા પૉલિસી ખરીદવી એ આવા અનિશ્ચિત કિસ્સાઓમાં થતાં નાણાકીય નુકસાનના બોજનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

તમામ પ્રવાહન ની વાહન વીમા યોજનાઓ તેમની પોલિસીની શરતોના આધારે વાહન સાથે સંકળાયેલી દુર્ઘટનાઓને વાહન ણે થતા નાણાકીય નુકસાન સામે રક્ષણ આપે છે. વીમા ક્ષેત્રની કંપનીઓ અનેક પ્રવાહન ની વાહન ઈન્શ્યોરન્સ પોલિસીઓ ઓફર કરે છે, જેમાંથી કેટલાક વિશેની જાણકારી આપવામાં આવી છે, જે તમને બહુ ઉપયોગી થશે.

### ❖ દેશમાં વાહન ઈન્શ્યોરન્સના વિવિધ પ્રકારો

- **થર્ડ-પાર્ટી લાયેબિલિટી ઓનલી કવર (Third-Party Liability Only Cover)**

પોલિસીધારકને થર્ડ- પાર્ટી લાયેબિલિટી ઈન્સ્યોરન્સ પ્લાન ખરીદવાથી વિશેષ કવરેજ મળે છે. આ પોલિસીના સુરક્ષા કવચથી, પોલિસીધારકના વાહન (વાહન )થી અન્ય વ્યક્તિ અથવા તેના વાહનને નુકસાન થવાના કિસ્સામાં કાયકાદીય જવાબદારીમાં રાહત મળે છે.

થર્ડ પાર્ટી લાયબિલિટીવાળી વાહન ઈન્શ્યોરન્સ કવરેજ હોવાથી પોલિસીધારકના થર્ડ પાર્ટી, તમારી વાહન જે વાહન સાથે અથડાઈ છે તેના રિપેરિંગ અથવા રિપ્લેસમેન્ટ ખર્ચ, હોસ્પિટલમાં દાખલ થવા અને અકસ્માતમાં કોઈ વ્યક્તિને ઈજા થવાના કિસ્સામાં સારવારના ખર્ચ, વાહનથી થયેલા અકસ્માતમાં કોઈ વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં ઉદ્ભવેલી જવાબદારીઓ સામે કવરેજ મળે છે.

મોટર વ્હીકલ એક્ટ મુજબ તમામ પ્રવાહન ના વાહનો માટે થર્ડ પાર્ટી વ્હીકલ ઈન્શ્યોરન્સ લેવો ફરજિયાત છે. આ વાતનું ધ્યાન રાખો કે, આ પોલિસીનું કવરેજ એટલે કે ઈન્શ્યોરન્સની રકમ એટલી વધારે હોવી જોઈએ કે તમે સામેવાળી પાર્ટીને નુકસાન થાય તો તમારા ખિસ્સામાંથી ચૂકવણી કરવાની જરૂર ન પડે.

- **અકસ્માતથી નુકસાન અથવા ઓન ડેમેજ કવર (Collision Damage or Own Damage Cover)**

જ્યારે તમે તમારી વાહન માટે કોલિઝન ડેમેજ અથવા ઓન ડેમેજ કવર અથવા ઓડી કવર ખરીદો છો, તો આ પોલિસી હેઠળ, અકસ્માતમાં વાહન ને થયેલા નુકસાનના રિપેરિંગમાં થયેલો તમામ ખર્ચ વીમા કંપની દ્વારા વહન કરવામાં આવશે. કોલિઝન કવરેજનો ખર્ચ વાહન જેટલા વર્ષ જૂની છે અને વાહન ની વીમાકૃત ઘોષિત કિંમત (IDV) શું છે તેના આધારે નક્કી થાય છે. ઉપરાંત સંબંધિત પોલિસીના પ્રીમિયમને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

નોંધનિય છે કે, કોઈ વાહન ની માર્કેટ કિંમતના આધારે તેની ઈન્શ્યોર્ડ ડિક્લેયર્ડ વેલ્યૂ (IDV) નક્કી કરવામાં આવે છે. IDV વેલ્યૂની ગણતરી કોલિઝન કવરેજ પોલિસીમાં વાહન ના ઉત્પાદક દ્વારા નિર્ધારિત વેચાણ કિંમતમાંથી વાહન ના પાર્ટ્સની એક્યૂમૂલેટેડ ડિપ્રિસિએશન (ઘસારો) બાદ કરીને કરવામાં આવે છે. ધ્યાનમાં રાખો કે જો તમે લોન પર વાહન લીધી છે, તો તેના માટે કોલિઝન કવરેજ એટલે કે ઓન ડેમેજ કરવર ચોક્કસપણે ખરીદો.

- **પર્સનલ એક્સિડેન્ટ કવર (Personal Accident Cover)**

પર્સનલ એક્સિડેન્ટ વાહન ઈન્શ્યોરન્સ પૉલિસી અકસ્માત પછીના તમામ મેડિકલ ખર્ચાઓને આવરી લઈને વાહન ના માલિક/ ડ્રાઈવરને સુરક્ષિત કરે છે. જે લોકો કામ માટે વારંવાર મુસાફરી કરતા હોય છે તેમણે પર્સનલ એક્સિડેન્ટ વાહન ઈન્શ્યોરન્સ પોલિસી લેવી બહુ જ મહત્વપૂર્ણ છે.

- **ઝીરો ડિપ્રિસિએશન ઇન્શ્યોરન્સ (Zero Depreciation Insurance)**

ભારતમાં વાહન  માટે ઝીરો ડિપ્રિસિએશન ઇન્સ્યોરન્સ પૉલિસીનું કવરેજ ઍડ–ઑન તરીકે ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે, તમારી વાહન ને નુકસાન થયું છે. હવે તમારે નુકસાન થયેલા પાર્ટ્સને બદલવાની જરૂર છે. તેથી સામાન્ય વીમાના કિસ્સામાં, દાવાની પતાવટ કરતી વખતે વીમા કંપની દ્વારા ક્ષતિગ્રસ્ત પાર્ટ્સના ડિપ્રિસિએશન વેલ્યૂને ધ્યાનમાં લેવામાં આવશે. બીજી તરફ, જો તમે વાહન  પર ઝીરો ડેપ્રિસિયેશન કવર લીધું હોય, તો વીમા કંપની દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા પાર્ટ્સને બદલવાની કિંમતનો દાવો કરવા પર પોલિસીધારકને સંપૂર્ણ રકમ આપવામાં આવશે અને આ કિસ્સામાં ક્ષતિગ્રસ્ત પાર્ટ્સના ડિપ્રિસિએશન વેલ્યૂને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ઝીરો ડિપ્રિસિએશન વેલ્યૂ ટાયર, ટ્યુબ અને બેટરીને બાદ કરતા તમારી વાહન ના તમામ પાર્ટ્સને 100 ટકા વીમા કવચ છે. આ એડ–ઓનમાં ટાયર, ટ્યુબ અને બેટરી પર માત્ર 50% કવર ઓફર કરાય છે. સામાન્ય રીતે, વીમા કંપનીઓ પોલિસીના કાર્યકાળ દરમિયાન  માત્ર ઝીરો ડિપ્રિસિએશન ક્લેમની મંજૂરી આપે છે.

- **કોમ્પ્રિહેન્સિવ વાહન  ઇન્શ્યોરન્સ (Comprehensive Car Insurance)**

કોમ્પ્રિહેન્સિવ વાહન  વીમા પોલિસીમાં, પોલિસીધારકને મહત્તમ સુરક્ષા કવરેજ મળે છે. તે થર્ડ– પાર્ટીની જવાબદારી, વાહનને નુકસાન, પર્સનલ એક્સિડેન્ટ કવર અને તોફાન, પૂર, આગ, ચોરી જેવા તમામ પ્રવાહન ના બિન– અકસ્માતના કિસ્સામાં વાહનને થયેલા નુકસાન માટે કવર પણ પૂરું પાડે છે. પસંદગીના એડ–ઓનની મદદથી કોમ્પ્રિહેન્સિવ વાહન  વીમા પૉલિસીને પણ વધારે મજબૂત બનાવી શકાય છે.

❖ **વાહન  વીમા કવર – સમાવેશ**

- માનવસર્જિત આફતો જેમ કે ઘરફોડ, ચોરી, હુલ્લડો, હડતાલ, વિસ્ફોટ, આતંકવાદ વગેરે. કુદરતી આફતો જેમ કે વાવાઝોડું, ધરતીકંપ, પૂર, આગ, વીજળી, તોફાન વગેરે.
- તૃતીય પક્ષની કાનૂની જવાબદારી
- મિલકતના નુકસાનની જવાબદારી
- માર્ગ, રેલ, હવાઈ અથવા જળમાર્ગ દ્વારા પરિવહન દરમિયાન
- અકસ્માત અથવા અથડામણ
- તબીબી ચુકવણી
- વીમા વિનાના અને ઓછા વીમાવાળા મોટરચાલક
- ભાડાની ભરપાઈ
- વાહન  એસેસરીઝ

❖ **વાહન  વીમા કવર – બાકાત**

- ઘડપણને વાહન ણે વાહનનો ઘસારો
- વાહનનું ઇલેક્ટ્રિકલ અથવા યાંત્રિક ભંગાણ
- જે વ્યક્તિ પાસે માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ નથી તેના વાહન અકસ્માત
- જ્યારે નશાના પદાર્થના પ્રભાવ હેઠળ વ્યક્તિ દ્વારા નુકસાન અથવા નુકસાન
- નિર્દિષ્ટ ભૌગોલિક વિસ્તારની બહાર નુકસાન અથવા નુકસાન
- યુદ્ધ, બળવો અથવા પરમાણુ જોખમને વાહન ણે થયેલું નુકસાન અથવા નુકસાન

- **વાહન વીમા વગર વાહન હંકારવું ગુનો બને છે આ માટે નીચે મુજબનાં દંડની જોગવાઈ અને દંડ કોણ લઈ શકે તેની વિગત આપેલ છે.**
- ચેકિંગ ડ્યુટી પર મોટર વાહન વિભાગના અને મોટર વાહનના મદદનીશ નિરીક્ષકના રેન્કના અધિકારીઓ.
- ટ્રાફિક નિયમનની ફરજો બજાવતી વખતે તમામ શહેરો અને મ્યુનિસિપલ નગરોમાં પોલીસના હેડ કોન્સ્ટેબલના અને તેનાથી ઉપરના પોલીસ વિભાગના અધિકારી.
- section  196 અંતર્ગત  વીમા વિનાનું વાહન ચલાવવું
- અધિનિયમની કલમ 146 હેઠળ જરૂરી તૃતીય પક્ષ વીમા પૉલિસી વિના જે કોઈ વાહન ચલાવે છે અથવા વાહન ણ આપે છે અથવા તેને ચલાવવાની મંજૂરી આપે છે.
- જે કોઈ વ્યક્તિ વાહન ચલાવે છે અથવા વાહન ણ કે માલસામાનનું પરિવહન કરે છે કે જે માનવ જીવન માટે જોખમી અને તે વીમા પૉલિસી વિના જાહેર જવાબદારી વીમા અધિનિયમ, 1991 હેઠળ થર્ડ પાર્ટી વીમા પૉલિસી સાથે બહાર પાડવામાં આવે છે.
- પ્રથમ ગુના માટે રકમ રૂ ૨૦૦૦
- બીજા કે પછીના ગુના માટે રકમ રૂ.૪૦૦૦

- **અકસ્માત પછી વાહન  વીમાનો દાવો કેવી રીતે કરવો.**

- વાહન  વીમાનો દાવો માર્ગ અકસ્માતથી શરૂ થાય છે. અકસ્માતની પ્રકૃતિ રોડ પર બે વાહનો અથડાવી અથવા ડ્રાઈવરની બેદરકારીને વાહન કોઈ સ્થાવર વસ્તુ સાથે વાહન  અથડાવી હોઈ શકે છે. કેસ ગમે તે હોય, વાહન વીમાના દાવા માટે ફાઈલ કરવા માટે તમારે પ્રક્રિયાને અનુસરવાની જરૂર છે.

- જ્યારે તમે અકસ્માતમાં સપડાઈ જાઓ છો, ત્યારે તમને લાગણીઓનો ઝાપટો લાગે તે સ્વાભાવિક છે. જો તમને શરીરની કેટલીક ઈજાઓ થાય તો પરિસ્થિતિ વધુ તણાવપૂર્ણ બની શકે છે. પરંતુ તમારે શાંત રહેવાનો પ્રયાસ કરવો જોઈએ અને પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર

નીકળવું તે વિશે વિચારવું જોઈએ. ખર્ચની ચૂકવણી કરવા માટે અકસ્માત પછી વાહન વીમા માટે કેવી રીતે દાવો કરવો તે જાણો.

**અકસ્માત પછી વાહન વીમાનો દાવો કરવા માટે અનુસરવાના પગલાં:**

### 1. તમારા વીમાદાતાને જાણ કરો.

વાહન વીમા કંપનીને બને તેટલી વહેલી તકે અકસ્માત અને તેની તીવ્રતા વિશે જાણ કરીને વાહન વીમાનો દાવો શરૂ કરો. મોટાભાગના વીમાદાતાઓને અકસ્માત વિશે જાણ કરવા માટે સમય મર્યાદા હોય છે, જો તમે સમયમર્યાદાની અંદર તેમને જાણ કરવામાં નિષ્ફળ થશો, તો તમારો દાવો નકારવામાં આવી શકે છે.

### 2. નજીકના પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરો.

પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવવી પણ એટલી જ જરૂરી છે. એફઆઈઆર એ એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે જેની વીમા કંપનીઓએ શારીરિક ઈજાઓ અને વાહન ને થયેલા નુકસાન માટેના દાવાની પતાવટ કરવાની જરૂર છે. અકસ્માત યાંત્રિક ખામીને વાહન થયો છે કે કેમ તે જાણવા માટે પોલીસ અધિકારીઓ અકસ્માત સ્થળની મુલાકાત લેશે. અધિકારીઓ ડ્રાઈવર, સ્થળ પરના સાક્ષીઓ અને અકસ્માતમાં સામેલ મુસાફરોની વિગતો પણ રેકોર્ડ કરશે.

### 3. પુરાવા માટે ચિત્રો પર ક્લિક કરો અથવા વિડિયો લો.

વાહન અકસ્માતોનો સામનો કરવા માટે અત્યંત તણાવપૂર્ણ હોઈ શકે છે પરંતુ આવા સમયે પણ, તમારે પરિસ્થિતિથી વાકેફ રહેવું જોઈએ અને અકસ્માતની તસવીરો ક્લિક કરવાનો અને પુરાવા એકત્ર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. વાહન વીમા દાવાની પ્રક્રિયા દરમિયાન તમારા કેસને ટેકો આપવા માટે તે ઉપયોગી થશે. તમે વાહન ને થયેલી શારીરિક ઈજાઓ અને નુકસાનની તસવીરો લઈ શકો છો. તેઓ તમારા દાવાને માન્ય કરવા પુરાવા તરીકે સેવા આપી શકે છે. આ ઉપરાંત, જો તમે સાક્ષીઓના નામ અને સંપર્ક વિગતો નોંધો તો તે મદદ કરશે.

### 4. વીમા કંપનીને જરૂરી દસ્તાવેજો સબમિટ કરો.

તમે એફઆઈઆર દાખલ કરી લો અને તેની નકલ મેળવ્યા પછી, તમે વીમા કંપનીને જરૂરી દસ્તાવેજો સબમિટ કરીને સમાધાન પ્રક્રિયા શરૂ કરી શકો છો. ખાતરી કરો કે તમે વાહન નોંધણી પ્રમાણપત્ર, FIR, ડ્રાઈવિંગ લાયસન્સ, વીમો અને વીમા કંપની દ્વારા જરૂરી અન્ય કાગળો સહિતના મહત્વપૂર્ણ દસ્તાવેજોની નકલો સબમિટ કરો છો.

### 5. વીમા કંપનીને સર્વેયર મોકલવાની વિનંતી કરો.

તમે ક્લેમ ફોર્મ ફાઈલ કર્યા પછી, તમારે તમારા વીમાદાતાને નિરીક્ષણ પ્રક્રિયા શરૂ કરવા માટે સર્વેયરને સોંપવા માટે કહેવું પડશે. મોજણીદાર તમારી વાહન ને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરશે, અને તે/તેણી નુકસાનને ઠીક કરવા માટે વીમાદાતાના નેટવર્કમાંથી યોગ્ય ગેરેજ પસંદ કરવામાં પણ તમને મદદ કરી શકે છે. તમે દાવા વિશે વીમાદાતાને જાણ કરો તે પછી સામાન્ય રીતે બે થી ત્રણ દિવસમાં સર્વે થાય છે.

### 6. તમારી વાહન રિપેર કરાવો.

સર્વેયરે આકારણી પૂર્ણ કરી લીધા પછી, તમારે તમારી વાહન નું સમારકામ કરાવવું પડશે અને વાહન વીમા દાવાની પોલિસી પ્રક્રિયા શરૂ કરવી પડશે. સમાધાન બે રીતે થઈ શકે છે. જો તમે કેશલેસ સેટલમેન્ટ પસંદ કરો છો, તો તમે કોઈપણ નેટવર્ક ગેરેજમાંથી તમારી વાહન રિપેર કરાવી શકો છો અને વીમાદાતા સીધા ગેરેજ સાથે બિલની પતાવટ કરશે. પરંતુ જો તમે ભરપાઈ કરવાનું પસંદ કરો છો, તો તમારે શરૂઆતમાં સમારકામનો ખર્ચ ચૂકવવો પડશે, અને વીમા કંપનીને મૂળ બિલ અને રસીદો સબમિટ કરવી પડશે અને વળતરનો દાવો કરવો પડશે.

વાહન વીમા માટેની દાવાની પતાવટની પ્રક્રિયા સમજવા માટે થોડી પડવાહન જનક હોઈ શકે છે, ખાસ કરીને જો તમે પ્રથમ વખત દાવો ફાઇલ કરી રહ્યાં હોવ. તેથી તે સૂચવવામાં આવે છે કે તમારે સમાવેશ અને બાકાતને સમજવા માટે પોલિસી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચવા જોઈએ.

“સલામત મુસાફરી અને રોડ અકસ્માત ટાળવા હંમેશા ટ્રાફિકના નિયમોનું પાલન કરો”

# (2) ડ્રાઈવિંગ લાયસન્સ કઈ રીતે મેળવવું ?

Learning licence and driving licence

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા

ડ્રાઈવિંગ લાયસન્સ લેવાની વાત આવે એટલે આપણા મગજમાં ચિંતા જ ભરાઈ જતી હોય છે.ચિંતા એ વાતની કે કયા પ્રકારનું લાયસન્સ લેવું અને કયા એજન્ટનો સંપર્ક કરવો.ક્યાંક એજન્ટને રાખ્યો હશે તો પૂરતી માહિતી લાયસન્સમાં આવશે કે કેમ ?અને સંપૂર્ણ પ્રક્રિયામાંથી પસાર થઈને આપણું લાયસન્સ બન્યું હશે કે કેમ? અહીં આપણે વાહન ચલાવવા માટેનું અતિ અગત્યનું ડોક્યુમેન્ટ એટલે કે ડ્રાઈવિંગ લાયસન્સ કઈ રીતે ઘરે બેઠા ઓનલાઈન એજન્ટની મદદ વગર એપ્લીકેશન કરી શકીએ છીએ તે જાણીશું.

### ❖ કઈ ઉંમરે કયું લાયસન્સ મેળવી શકો?


(1) ગીયર વગરના કોઈપણ ટુ વ્હીલર હોય તો એનું લાયસન્સ ૧૬ વર્ષ કે તેથી વધુ વર્ષની ઉંમરના વ્યક્તિઓને મળી શકે છે.એટલે કે ધોરણ ૧૧ કે ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ મળી શકે છે.
(2) જો તમારી ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુની છે તો તમને ગીયર સાથેના વાહનો જેવા કે ટુ વ્હીલર,ટ્રેક્ટર (સિવાય ટ્રાન્સપોર્ટ ) ને ચલાવવા માટે લાયસન્સ મળી શકે છે.
(3) ટ્રાન્સપોર્ટના વાહનો માટેનું લાયસન્સ લેવા માટે તમારી ઉંમર ૨૦ વર્ષ કે તેથી વધુની હોવી આવશ્યક છે તેમજ એક વર્ષનો LMV (લાઈટ મોટર વ્હીકલ) વાહન ચલાવવાનો અનુભવ અને લાયસન્સ હોવું જરૂરી છે.

### ❖ Learning licence મેળવવાની અરજી કઈ રીતે કરવી?


નીચે મુજબના સ્ટેપ ફોલો કરો.

સૌ પ્રથમ નીચે આપેલ લિંક google માં ઓપન કરો.

https://parivahan.gov.in/parivahan/




**અહી ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમાં પોતાનું રાજ્ય (ગુજરાત) સિલેક્ટ કરો.**




**નવી ખુલતી સ્ક્રીનમાં Apply For Learner Licence પર ક્લિક કરવું.**





**અહી ક્લિક કરી continue બટન પર ક્લિક કરો.**









**પોતાનો જીલ્લો પસંદ કરી તમારા વિસ્તારની ITI પસંદ કરો.**



આપેલ વિવિધ ITI પૈકી તમારા વિસ્તારની ITI પસંદ કરી submit બટન પર ક્લિક કરવું. ત્યારબાદ નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમાં તમારો મોબાઈલ નંબર નાખી GENERATE OTP પર ક્લિક કરતાં મોબાઈલ પર આવેલ OTP નાખતાં authenticate with sarthi બટન પર ક્લિક કરતા નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે.




આપેલ ફોર્મની સમગ્ર વિગત વાંચી પૂર્ણ કરો અને SUBMIT પર ક્લિક કરતાં next પેજ પર જશો.જ્યાં તમારે બે પ્રકારના ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાના હો છે.

ઉંમરનો પુરાવો અને રહેઠાણના પુરાવો અપલોડ કરી સબમિટ કરશો ત્યારબાદ તમારો પાસપોર્ટ સાઈઝ ફોટો અને કોરા કાગળ પર કરેલી સહીનો નમૂનો અપલોડ કરવાનો રહેશે.

સબમિટ આપતા તમારે લર્નિંગ લાયસન્સ માટેના સ્લોટનું બુકિંગ કરવાનું રહેશે આપ આપના પસંદ મુજબની તારીખ અને સમય પસંદ કરી સિલેક્ટ કરેલ ટેસ્ટ આપવા જવાનો રહેશે ત્યારબાદ NEXT આપતા payment gateway ખુલશે જેમાં ઓનાલાઈન પેમેન્ટ કરવાનું રહેશે.




https://drive.google.com/file/d/1XJvdFUg9Q_O5bYc3HhNBEZBpzzxh4Qe6/view?pli=1

Learning Licence Test book in Gujarati Language

માટે ઉપર આપેલ લિંક પર ક્લિક કરો.

## કેટલું payment કરવાનું ?

કોમ્પ્યુટર ટેસ્ટ માટે 25 રૂપિયા અને કેટેગરી મુજબ દરેક પ્રકારના લાયસન્સ માટે 30 રૂપિયા મુજબ ઉમેરાતું જાય છે.

જો માત્ર ટુ વ્હીલરનું લાયસન્સ જોઈએ તો 25 + 30 = 55 રુપિઆ અને LMV જોઈએ છે તો 25 + 30 + 30=85 રૂપિયા ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે.

પેમેન્ટ કર્યા બાદ ટેસ્ટની તારીખ એ ટેસ્ટ આપવા જવું ફરજીયાત છે તેમજ 15 પ્રશ્નોની ટેસ્ટમાંથી 11 સાચા પડશે તો તમને લર્નિંગ લાયસન્સ મળી જશે.ટેસ્ટ એક કોમ્પ્યુટરાઈઝ હોય છે જેમાં MCQ પ્રકારના પ્રશ્નો હોય છે અને આ પ્રશ્નો માટે ઓનલાઈન ટેસ્ટબૂક પણ અવેલેબલ હોય છે. પ્રશ્નો આપણા દેશના ટ્રાફિકનાં નિયમો અને વિવધ ટ્રાફિક સિગ્નલ કે સાઈન વિશેના હોય છે.

# (3) Driving Licence કઢાવવા માટેની પ્રક્રિયાના સ્ટેપ અને જરૂરી માહિતી

**નવું ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે અરજદારે લર્નિંગ લાયસન્સ મેળવવું જરૂરી છે.**

**અરજદારે લર્નિંગ તેમજ ડ્રાઈવિંગ લાયસન્સ બંનેના હેતુ માટે ફોર્મ નં.2/4માં અરજી કરવી જરૂરી છે, ફોર્મ નં.1 (A) માં તબીબી પ્રમાણપત્ર પણ જોડવું જરૂરી છે. જો કોઈ વ્યક્તિ પરિવહન માલ વાહન માટે ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માંગે છે, અને ઑનલાઇન એપોઈન્ટમેન્ટ મેળવવા અથવા વધુ વિગતો માટે, કૃપા કરીને મુલાકાત લો: https://parivahan.gov.in/parivahan/**

## ❖ Eligibility: (કોને કયું લાયસન્સ મળે?)

- **ગીયર વગરના 2 વ્હીલરનું લાઈસન્સ મેળવવા માટે વ્યક્તિએ 16 વર્ષ પૂર્ણ કર્યા હોવા જોઈએ.**
- **ગિયર, મોટર-કાર, ટ્રેક્ટર અને અન્ય નોન-ટ્રાન્સપોર્ટ વાહનો સાથેના 2 વ્હીલરનું લાઈસન્સ મેળવવા માટે વ્યક્તિએ 18 વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય.**
- **પરિવહન વાહનો માટે, વ્યક્તિએ 20 વર્ષ પૂર્ણ કર્યા હોવા જોઈએ. આ ઉપરાંત તે ધોરણ 8 પાસ હોવો જોઈએ અને તેને લાઈટ મોટર વાહન ચલાવવાનો 1 વર્ષનો અનુભવ હોવો જોઈએ.**

## ❖ જરૂરી દસ્તાવેજ :

- **ઉંમરનો પુરાવો**

શાળા છોડવાનું પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, પાસપોર્ટ, પાન કાર્ડ, L.I.C. પોલિસી અથવા સિવિલ સર્જન અથવા તેના સમકક્ષ ડૉક્ટરનું પ્રમાણપત્ર વયના પુરાવા તરીકે સબમિટ કરી શકાય છે.

- **સરનામાનો પુરાવો**

શાળા છોડવાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ, L.I.C. પૉલિસી, ઈલેક્ટોરલ વોટર આઈ-કાર્ડ, લાઈટ બિલ, ટેલિફોન બિલ, સરનામા સાથે હાઉસ ટેક્સની રસીદ, કેન્દ્ર/રાજ્ય/સ્થાનિક સ્વરાજ્યની પે-સ્લિપ અથવા અરજદાર તરફથી એફિડેવિટ સરનામું પુરાવા તરીકે સબમિટ કરી શકાય છે.

### ❖ ડ્રાઈવિંગ લાયસન્સ માટેની ફી

**લર્નિંગ લાયસન્સ અને ડ્રાઈવિંગ લાયસન્સ માટેની ફી એકસાથે ચૂકવવાની રહેશે. ટેસ્ટ ફી તરીકે રૂ. 25/– ઉપરાંત વાહનની કેટેગરી દીઠ રૂ. 30/– લર્નિંગ લાયસન્સ માટે ચૂકવણી કરવાની રહેશે.**

**સ્માર્ટ કાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સ માટે રૂ.200/– અને વાહનની કેટેગરી દીઠ રૂ.50/– ડ્રાઈવિંગ લાયસન્સ માટે ચૂકવવાના રહેશે.**

### ❖ ઓનલાઈન ટેસ્ટ આપવાની પ્રક્રિયા

**લર્નિંગ લાયસન્સ મેળવવા માટે કોમ્પ્યુટર દ્વારા નોલેજ ટેસ્ટ પાસ કરવી જરૂરી છે.**

**ટ્રાફિકના નિયમો અને વિનિયમો અને ટ્રાફિક સંકેત જેવા વિષયો ટેસ્ટમાં સામેલ છે.**

**ટેસ્ટમાં 15 પ્રશ્નો રેન્ડમ પૂછવામાં આવે છે, જેમાંથી 11 પ્રશ્નોના સાચા જવાબ આપવા જરૂરી છે.**

**દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે 48 સેકન્ડની છૂટ છે.**

**ટેસ્ટમાં નાપાસ થનાર વ્યક્તિ 24 કલાકના અંતરાલ પછી ફરીથી પરીક્ષણ માટે હાજર થઈ શકે છે.**

**જે વ્યક્તિ પાસે લર્નિંગ લાયસન્સ અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ છે અને તે હાલના ડ્રાઈવિંગ લાયસન્સમાં ડ્રાઈવિંગ લાયસન્સની વધારાની શ્રેણી માટે અરજી કરવા માંગે છે, તેને કમ્પ્યુટર પરના જ્ઞાન પરીક્ષણમાંથી મુક્તિ આપવામાં આવે છે.**

**કાયમી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે ડ્રાઈવિંગ ટેસ્ટ ફરજિયાત છે**


**લર્નિંગ લાઈસન્સ મેળવ્યાના 30 દિવસના અંતરાલ પછી ડ્રાઈવિંગ ટેસ્ટ માટે બેસી શકે છે.**

**જે વાહન માટે ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે અરજી કરવામાં આવે છે તે જ પ્રકારના વાહન પર ડ્રાઈવિંગ ટેસ્ટ લેવામાં આવે છે.**


**લર્નિંગ લાયસન્સ માત્ર 6 મહિનાના સમયગાળા માટે માન્ય છે, તેથી, અરજદારે માન્યતા અવધિમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટે હાજર રહેવું જરૂરી છે.**

સૌ પ્રથમ નીચે આપેલ લિંક google માં ઓપન કરો.

[https://parivahan.gov.in/parivahan/](https://parivahan.gov.in/parivahan/)




**અહી ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમાં Apply for Driving Licence બટન પર ક્લિક કરો. આપેલ મુદ્દા મુજબ તમારે લાયસન્સ મેળવવા continue બટન આપો.**











**આપેલ બોક્સમાં તમારો Learning Licence નંબર અને જન્મતારીખ નાખી ઓકે બટન ક્લિક કરવું.આગળની પ્રોસેસને ફોલો કરવી.**

- ❖ **તમારા ડોક્યુમેન્ટ અપલોડ કરો.**
- **ઉપર દર્શાવ્યા મુજબ ઉંમરના પૂરાવા અને રહેઠાણના પૂરાવાના ડોક્યુમેન્ટ અપલોડ કરો.**
- ❖ **ડ્રાઈવિંગ લાયસન્સમાં જોઈએ તેવો પાસપોર્ટ સાઈઝ ફોટો અને સહી અપલોડ કરી આગળ વધો.**
- ❖ **DL ટેસ્ટ સ્લોટ બુકિંગ કરો.**
- ❖ **સ્લોટ બૂક કર્યા બાદ પેમેન્ટ ગેટવે ખુલશે જેમાં જરૂરી ફીની પ્રોસેસ કરી આગળ વધો.**
- ❖ **verify the pay status મેનુની વિગત પૂર્ણ કરો અને છેલ્લે print the receipt બટન દ્વારા તમારા અરજીની નકલ મેળવી લેવી.**
- ❖ **નક્કી કરેલ તારીખે DL ટેસ્ટ આપવા જવું અને તેના પાસીંગ માર્ક મળશે તો આપેલ સરનામે DRIVING LICENCE મળી જશે.**


**ડ્રાઈવિંગ લાયસન્સ રિન્યુ કરાવવાની પ્રક્રિયા:**


સૌ પ્રથમ નીચે આપેલ લિંક **google** માં ઓપન કરો.

https://parivahan.gov.in/parivahan/



**અહી ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમાં Apply for DL Renewal બટન પર ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે.જેના એક એક પગલાં અનુસરી આગળ વધો.**






**આપેલ બોક્સની સંપૂર્ણ માહિતી ભરવી ફરજીયાત છે.Driving Licence નંબર ,જન્મતારીખ અને Captcha ભરી Get DL Detail પર ક્લિક કરવું.અને ત્યારબાદ Proceed બટન પર ક્લિક કરતાં આગળની પ્રક્રિયા પૂર્ણ કરો .**

ઉપરોક્ત પ્રક્રિયા બાદ નીચેનાં સ્ટેપ ફોલો કરવા.

- ❖ ડોક્યુમેન્ટ અપલોડ કરો.
- ❖ ફોટોગ્રાફ અને સહી અપલોડ કરો.
- ❖ DL TEST માટે સ્લોટ બૂક કરવો.
- ❖ પેમેન્ટ વિગત ભરી દો.
- ❖ પેમેન્ટની ખાતરી કરો એટલે કે status ચેક કરી દો.
- ❖ print the receipt પર ક્લિક કરી receipt મેળવી લેવી.
- ❖ નક્કી કરેલ સ્લોટ તારીખ મુજબ ટેસ્ટ આપો અને પાસ થશો તો DL આપેલ સરનામે મળી જશે.

આભાર ....



https://drive.google.com/file/d/1aAebmNWfhr_mU_Qkh91YvV313LZ5hObI/view?usp=sharing

# વિઝ્યુલાઈઝેશન

" વિઝ્યુલાઈઝેશન" પુસ્તકના લેખક ડૉ જિતેન્દ્ર અઢીયાના કહ્યા અનુસાર કોઈ પણ ઘટના બહારના જગતમાં થાય તે પહેલા માણસના મનમાં ફળીભૂત થતી હોય છે.

આ બાબતને વાહન વ્યવહારમાં ડ્રાઈવિંગ કરનાર વ્યક્તિ સાથે પણ સાંકળી લેવાનો વિચાર આવ્યો છે.આપ જેવું મનમાં વિચારો છો તેવી ઘટના આપના જીવનમાં કેટલીક વાર બનતી અનુભવી હશે.માટે ઘરથી નીકળો ત્યારે જયારે પણ ડ્રાઈવિંગ માટે બહાર નીકળો છો ત્યારે બી પોઝીટીવ વિચારસરણી સાથે નીકળો, ખોટા અને નકારાત્મક વિચારોથી દૂર રહો.કુવિચાર રૂપી પવનની લહેર આપના મનના પોઝીટીવ વિચારો ઉપર વિજય ન મેળવી જાય તેની કાળજી રાખી મનને પ્રફુલ્લિત રાખી ડ્રાઈવિંગ કરવું ખુબ જ જરૂરી છે.

માનવ મનમાં જેવું વિચારે છે તેવું જ ચિત્ર તેના માનસ પટ ઉપર ફલિભૂત થાય છે.વારંવાર કરેલા ખોટા અને નકારાત્મક વિચારોની અસર ડ્રાઈવરના માનસપટ ઉપર પડતી હોય છે,જેના કારણે લોકો અકસ્માતનો ભોગ બનતા હોય છે.ડ્રાઈવિંગ શાંતિ તથા ધીરજથી કરવું ખુબ જ જરૂરી છે.ડ્રાઈવિંગ સમયે વધુ પડતો ક્રોધ, ઈર્ષા, અદેખાઈ, ખરાબ વર્તણુક, માદક પદાર્થોનું સેવન ‘અકસ્માત’ તરફ ધકેલી દેતા હોય છે જેથી સાવચેતી એજ સલામતી સાવધાની એજ સલામતી.

# સલામતી

સલામતી રાખશું,વારંવાર

ટાળીશું દુર્ઘટનાની ભરમાર..............(૨)

ટ્રાફિકના નિયમ જાણીએ

સિગ્નલનું પાલન કરીએ..................(૨)

વાહન ધીમી ગતિએ હંકાર

ટાળીશું દુર્ઘટનાની ભરમાર. ...............(૨)

સલામતી રાખશું,વારંવાર........... (૨)

હેલ્મેટ, સીટબેલ્ટ વાપરીએ

મોબાઈલ વાપરવો ટાળીએ................(૨)

રાખજે લાયસન્સનો આધાર

ટાળીશું દુર્ઘટનાની ભરમાર...............(૨)

સલામતી રાખશું,વારંવાર...........(૨)

જો થાય ભલે થોડી દેરી

પણ જીવનથી ના થાય દૂરી................(૨)

કુટુંબનો કરજે તું વિચાર

ટાળીશું દુર્ઘટનાની ભરમાર......................(૨).

સલામતી રાખશું,વારંવાર...........(૨)

ગીત લિંક:-

https://drive.google.com/file/d/1mkX-XAocGHOYDmMtkcLkMOT7USTU5ji3/view?usp=sharing

# <u>સલામતીના અક્ષર ચાર (ભવાઈ)</u>

(રંગલો પાટણ ગયો છે,તેની માસી વિધવા છે,તેમને રૂપિયા આપવા માટે ગયો હતો ત્યારે રંગલીએ તેની પાસેથી પાટણનું પટોળું મંગાવ્યું છે.રંગલી કચરો વાળતી જાય છે અને ગીત ગાતી જાય છે)

રંગલી : એ છેલાજી એ ..........મારી હાટુ પાટણથી પટોળા મોઘાં લાવજો.

એમાં રૂડા રે મોરલિયા ચીતરાવજો

પાટણથી પટોળા મોઘાં લાવજો.

( ત્યાંજ રંગલો ગીત ગાતો ગાતો ઘરમાં પ્રવેશે છે)

રંગલો : હે........

પાટણથી આ રંગલો આવ્યો... (૨)

હે રંગલી..હું શું લાવ્યો ? તા થૈયા થૈયા તા થૈ.........(૨)

( રંગલાને જોઈને સાવરણી પછાડતી રંગલી સીધી થાય છે )

રંગલી : હે.......

પાટણથી મારો રંગલો આવ્યો (૨)

રંગલી માટે પટોળા લાવ્યો

બોલ રંગલા કેવો લાવ્યો ?

લાલ લાયો કે પીળું લાવ્યો ? તા થૈયા થૈયા તા થૈ.........

( રંગલી થેલો જોઈને આનંદથી પૂછે છે )

રંગલી : અલ્યા રંગલા,આવડો મોટો થેલો ? આટલા બધા પટોળાં લાવ્યો તું?

રંગલો : ના........ના..... રંગલી

રંગલી : તો ???

રંગલો : અલી. તું જાતે જ જોઈ લે ને થેલામાં

( રંગલી થેલામાંથી હેલ્મેટ કાઢે છે. મોઢું બગડતાં બોલે છે )

રંગલી : રંગલા એ તો આટલા બધા પટોળાં લાયો

અલ્યા,હાય ! હાય ! તું ટોપું લાયો ?

મંગાવ્યું તું પટોળું ને

ટોપું લઈને આયો!

હાય હાય રંગલા આ શું લાવ્યો...(૨)

મંગાવ્યું તું પટોળું ને ટોપો લાવ્યો.. તા થૈયા થૈયા તા થૈ.........(૨)

( રંગલી રિસાઈને અવળી ફરી જાય છે. રંગલો મનાવવા મહેનત કરે છે )

રંગલો : રંગલી, ઓ મારી વાલી રંગલી.

તને કહું આજ બહુ મજાની

ટોપો ટોપો ના કર તું..

તને કહું આજે હેલ્મેટની કહાની.. તા થૈયા થૈયા તા થૈ.........

( રંગલો રંગલીને પોતાની સામે ફેરવે છે )

રંગલો : સાંભળ રંગલી સાંભળ....હું પાટણ રૂપિયા આપવા માસીના ઘરે ગયો હતો, ત્યાં રસ્તામાં જોયું કે .......

રંગલી : શું જોયું ?

રંગલો : અકસ્માત જોયો , અકસ્માત.....રંગલી

રંગલી : કેવો અકસ્માત , રંગલા ?

રંગલો : બે ભટભટીયાવાળા ભટકી પડ્યા ( રંગલો એક્શન કરી બતાવે છે )

રંગલી : ભારે કરી રંગલા, પછી ?

રંગલો : પછી એમાં એક ભાઈ ત્યાં ને ત્યાં જે એકનું માથું ફૂટી ગયું

રંગલી : અને બીજાનું ?

રંગલો : બીજો બચી ગયો રંગલી

રંગલી : એવું કેમ ?

રંગલો : એને હેલ્મેટ પહેર્યું હતું.

રંગલી : હા, હવે સમજાયું ,રંગલા... તું હેલ્મેટ કેમ લાવ્યો?

પણ તું પટોળું તો ન જ લાવ્યા ને ?

રંગલો : પછી હું નહિ હોવ તો તું પટોળું પહેરીને શું કરીશ; રંગલી ?

રંગલી : સાચી વાત છે રંગલા..

“ માથું રહે સલામત , હેલ્મેટની છે કરામત “...તા થૈયા થૈયા તા થૈ.........

રંગલી : તારી વાત સાચી છે. જો આવી સાવચેતી માસીના છોકરાએ રાખી હોત તો બાપડી માસીની આ દશા નાં થઇ હોત. કેમ સાચી વાતને રંગલા ?

રંગલો : સાચી વાત...હા રંગલી . તને યાદ જ હશે ને કે વિધવા માસીના એકનો એક દીકરો પોતે ભાઈબંધની ગાડી લઈને નીકળી પડ્યો અને તેની પાસે લાયસન્સ પણ નહિ અને તેને સીટબેલ્ટ પણ ના બાંધેલો.તને ખબર છે?

રંગલી : હા રંગલા.મેં તો એ પણ સાંભળ્યું છે કે તેની પાસે લાઇસન્સ પણ નહોતું અને ગાડીના પૂરતા કાગળિયા પણ ન હતા અને વીમો પણ ન હતો. અને તેની ભૂલના પરિણામેં, બિચારી માસીને આવા દુખના દહાડા આવ્યા.

રંગલો : સરકાર આપણા માટે નીતિનિયમો બનાવે છે આપણી સુરક્ષા અને સલામતી માટે જ આ બધા નિયમો કરે છે છતાં પણ આપણે બધા આંખ આડા કાન કરીએ છીએ. તેના કારણે આપણા સગા સંબધી અને કુટુંબને ભોગવવું પડે છે, રંગલા

રંગલી : સાચી વાત છે રંગલા

નસીબ બચાવે એકવાર, સલામતી બચાવે વારંવાર.તા થૈયા થૈયા તા થૈ.........

રંગલો : આ સરસ વાત કરી રંગલી તે તો.

રંગલો-રંગલી : સલામતીના અક્ષર ચાર , સમજે તેનો બેડો પાર.

તા થૈયા થૈયા તા થૈ......... (3)

વિડીયો લિંક:-

https://drive.google.com/file/d/1GUSEz240b0xrZiI6GLTnYKTD1ekFksiW/view?usp=sharing

# ટ્રાફિક સિગ્નલ

મારે કરવી છે વાત મજાની
ટ્રાફિક સિગ્નલની આ કહાની
એને સમજીને શીખ લેવાની (૨)
ટ્રાફિક સિગ્નલની આ કહાની (૨)

ચાર રસ્તા ઉપર ભાઈ
ટ્રાફિક સિગ્નલ હોય
લાલ લીલી પીળી શું
તમે લાઈટો જોઈ?
એને સમજીને શીખ લેવાની
ટ્રાફિક સિગ્નલની આ કહાની
મારે કરવી છે વાત મજાની.....(૨)
લાલ લાઈટે ઊભા રહેજો
પીળીએ તૈયાર
લીલી લાઈટે જવા દેજો
અકસ્માત નહિ થાય
એને સમજીને શીખ લેવાની
ટ્રાફિક સિગ્નલની આ કહાની
મારે કરવી છે વાત મજાની.....(૨)
ટ્રાફિક સિગ્નલની આ કહાની (૩)

કાવ્ય સાંભળવા માટેની લિંક: https://drive.google.com/file/d/1lKVJejN-3MNYeVTFFoOvp2YCaJ5YA4R7/view?usp=sharing

## ટ્રાફિક નિયમ પાળીએ

હૈ ભાઇ ભાઇ ..ભાઇ ભાઇ ....(૨)

રોડ પર જઈએ

ટ્રાફિક  નિયમ પાળીએ

હેમખેમ ઘેર આવીએ

જીવન બચાવીએ

ઘરની બહાર નીકળતા

હેલ્મેટ ન ભૂલીએ,

સાવધ અને સાવચેતીથી

હેમખેમ ઘરે આવીએ...

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ...હે  (૨)

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ (૨)

મુસાફરી કરીએ,

તો મોબાઈલ ન ઉપાડીએ,

રહેવું હોય સલામત,

બેદરકાર ન રહીએ....

ઘરેથી નીકળતા,

ગતિ મર્યાદિત રાખીએ,

હોય ભલે ઉતાવળ,

સિલ્ટ બેલ્ટ બાંધીએ..

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ...હે (૨)

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ (૨)

વાહન સર્વિસ કરાવીએ,

ઘરેથી ચેક કરીએ,

પણ જો ખરાબી તો,

મુસાફરી ટાળીએ.............

ધૂંધળા વાતાવરણમાં

મુસાફરી ન કરીએ

કામ હોય જરૂરી તો

હેડ લાઈટ કરીએ..

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ...હે (૨)

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ... (૨)

જીવન છે મહામૂલું,

ગાફેલ ન રહીએ,

વાહન ચલાવતાં કદી સ્ટંટ ન કરીએ,

સલામત સવારી,

સેફટી તમારી,

ટ્રાફિક નિયમ પાલનથી

જીંદગી ખુશાલી,

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ...હે (૨)

ભાઈ...ભાઈ...ભાઈ..ભાઈ...

ગીત સાંભળવાની લિંક:-

https://drive.google.com/file/d/16nFMVzhp0hZABgUTOGaUwYy9QqwIFBiS/view?usp=sharing

પ્રસંગ :

એક સમયે  ગુજરાત રાજ્યના એક શહેરમાં, રમેશ નામનો એક છોકરો રહેતો હતો. જે તેના બેદરકાર ડ્રાઇવિંગ માટે જાણીતો હતો. તે તેના વાહનનો હોર્ન વગાડતો અને દુનિયાની પરવા કર્યા વિના ટ્રાફિકની અંદર અને બહાર વણાટ કરીને રસ્તાઓ પર ગતિ કરતો. એક દિવસ, તેને એક ટ્રાફિક પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યો,જેણે તેને માર્ગ સલામતી પર સખત વ્યાખ્યાન આપ્યું. રમેશે અધિકારીની મજાક ઉડાવી, વિચાર્યું કે તે બીજા કરતાં વધુ સારી રીતે જાણતો હતો. પરંતુ ભાગ્યએ કરવટ બદલી, રમેશ ટૂંક સમયમાં જ એક ભયંકર અકસ્માતમાં સપડાઈ ગયો. તેની કાર અન્ય વાહન સાથે અથડાઈ હતી, અને તે નસીબદાર હતો કે તેનો જીવ બચી ગયો. તે દિવસથી રમેશ બદલાયેલો માણસ બની ગયો. તેને ટ્રાફિકના નિયમોનું પાલન અને સલામત રીતે વાહન ચલાવવાનું મહત્વ સમજાયું. તેણે તેના મિત્રો અને પરિવારમાં માર્ગ સલામતી વિશે જાગૃતિ ફેલાવવાનું પણ શરૂ કર્યું. વાર્તાની નૈતિકતા એ છે કે માર્ગ સલામતીને હળવાશથી લેવા જેવી બાબત નથી. તેનો અર્થ જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત હોઈ શકે છે. તેથી, ચાલો આપણે બધા રમેશ પાસેથી સંકેત લઈએ અને જવાબદારીપૂર્વક વાહન ચલાવીએ, આપણા પોતાના ખાતર અને રસ્તા પરના અન્ય લોકો માટે પણ.

પ્રસંગ માટે લિંક :-

https://drive.google.com/file/d/104nq1lwFCYOGuC_PrOHg4rwDAD_ylHjo/view?usp=sharing

# સોશિયલ મિડીયાના દ્વારેથી

## રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

### Youtube Video Link

| ક્રમ | વિષય | લિંક | QR કોડ | કંટેન ઓનર |
|---|---|---|---|---|
| 1 | હેલ્મેટ | https://youtu.be/wRoPDnYL_3k | | COT Gujarat |
| 2 | સીટ બેલ્ટ | https://youtu.be/1PW2O2nfFQs | | COT Gujarat |
| 3 | સીટ બેલ્ટ | https://youtu.be/EUfrs4sm234 | | COT Gujarat |
| 4 | સીટ બેલ્ટ | https://youtu.be/EsIRyjwwBVE | | COT Gujarat |

| | | | | |
|---|---|---|---|---|
| 5 | મોબાઈલ | https://youtu.be/8RafA16INMU | | COT Gujarat |
| 6 | હેલ્મેટ | https://youtu.be/vnFbQ1NgCBc | | COT Gujarat |
| 7 | કાળજી પૂર્વક વાહન ચલાવો | https://youtu.be/7OX88Q4Y-Qw | | COT Gujarat |
| 8 | હેલ્મેટ | https://youtu.be/SimR5gGneyA | | COT Gujarat |
| 9 | ઝેબ્રા ક્રોસિંગ | https://youtu.be/2Z_5vHVYLKo | | COT Gujarat |

| | | | | |
|---|---|---|---|---|
| 10 | ધ્યાન ભટકવું | https://youtu.be/k9jd88c8iRA | | COT Gujarat |
| 11 | ઈમરજન્સી વાહનને માર્ગ આપવો | https://youtu.be/CUrXc0I5FC0 | | COT Gujarat |
| 12 | ધ્યાન ભટકવું | https://youtu.be/bpreByQqdWw | | COT Gujarat |
| 13 | બાળકની સુરક્ષા | https://youtu.be/CLvOkwh2T8Y | | COT Gujarat |
| 14 | ટુ વ્હીલર ટેસ્ટ ટ્રેક | https://youtu.be/oW4nog3s_F8 | | COT Gujarat |

| | | | | |
|---|---|---|---|---|
| **15** | **ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક** | **https://youtu.be/1eE135GrLro** | | **COT Gujarat** |
| **16** | **અવોઇડ રેસિંગ** | **https://youtu.be/nct_iL1f190** | | Gujarat Road Safety Authority |
| **17** | **સેફ વળાંક લેવો** | **https://youtu.be/PQ1sCjQTNRc** | | Gujarat Road Safety Authority |
| **18** | **વાહનનો વીમો** | **https://youtu.be/SGU0pcrgvjs** | | Gujarat Road Safety Authority |
| **19** | **ઓછી ઉંમરે ડ્રાઈવિંગ** | **https://youtu.be/jigeaSzSFJc** | | Gujarat Road Safety Authority |

| | | | | |
|---|---|---|---|---|
| 20 | રોડ શિસ્ત | https://youtu.be/TTrSBbvr5OY | | Gujarat Road Safety Authority |
| 21 | ગુડ સમારીટન | https://youtu.be/tUCfq3-rHBM | | Gujarat Road Safety Authority |
| 22 | માર્ગ પરની નિશાનીઓ | https://youtu.be/3KXI8iA9tH8 | | Gujarat Road Safety Authority |
| 23 | ગુડ સમારીટન | https://youtu.be/bezOdk2XYrE | | Gujarat Road Safety Authority |
| 24 | વધુ મ્યુઝિક ની અસર | https://youtu.be/DD40SnOwuN0 | | Gujarat Road Safety Authority |

| | | | | |
|---|---|---|---|---|
| **25** | **ખોટી જગ્યાએ પાર્કિંગ** | **https://youtu.be/qHxfnQtvNik** | | Gujarat Road Safety Authority |
| **26** | **વાહનની લાઈટ નો ઉપયોગ** | **https://youtu.be/kGiBZt9Q6Ws** | | Gujarat Road Safety Authority |
| **27** | **રોડ સિગ્નલ લાઈટ ની વાર્તા** | **https://youtu.be/pXC18OCzcUA** | | Gujarat Road Safety Authority |
| **28** | **હાઇવે પર ડ્રાઈવિંગ કરવા માટે ની ટીપ્સ** | **https://youtu.be/cTa9-I7fAAU** | | Gujarat Road Safety Authority |
| **29** | **ગુડ સમરીટન** | **https://www.youtube.com/live/61GdS_3p8Ac?feature=share** | | **DD GIRNAR** |

| | | | |
|---|---|---|---|
| 30 | ડ્રાઈવિંગ લાયસન્સ અને સેફ ડ્રાયવીંગ ની સમજ | https://www.youtube.com/live/yu5BWtaE2QM?feature=share | DD GIRNAR |
| 31 | ટ્રાફિક નિયમોનું પાલન અને માર્ગ સલામતી | https://www.youtube.com/live/9bCZVSiS3ww?feature=share | DD GIRNAR |
| 32 | માર્ગ અકસ્માતના કારણો અને વિદ્યાર્થીઓની માર્ગ સલામતી | https://www.youtube.com/live/esPyrIMFZZY?feature=share | DD GIRNAR |


# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન













# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન













# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# રોડ સુરક્ષા અને ટ્રાફિક નિયમન અંતર્ગત સોશિયલ મીડિયા કંટેન સંકલન

## પોસ્ટર સંકલન












# Road safety and traffic management





**ડ્રાયવીંગ લાઈસન્સ વિના વાહન ચલાવવું તથા લર્નિંગ લાઈસન્સના નિયમોનો ભંગ કરીને વાહન ચાલવવું. ( દ્વિ ચક્રી વાહનો માટે રૂપિયા ૨૦૦૦ અને તે સિવાયના વાહન માટે રૂપિયા ૩૦૦૦ )**

# Road safety and traffic management





**સીટ બેલ્ટ વગર વહાન ચલાવવા પર રૂપિયાનો ૫૦૦ દંડ**

# Road safety and traffic management




ટુ વ્હીલર પર ત્રણ સવારી સાથે વાહન ચલાવવા માટે દરેક વખતે રૂપિયા ૧૦૦ દંડ

# Road safety and traffic management




**એમ્બુલન્સ , ફાયર ફાયટર વગેરે જેવા ઈમરજન્સી વાહનોને રસ્તો ના આપવા પર રૂપિયા ૧૦૦૦ નો દંડ**

# Road safety and traffic management




**ચાલુ વાહને ડ્રાયવીંગ કરતી વખતે મોબાઈલનો ઉપયોગ પ્રથમ વખત રૂપિયા ૫૦૦ અને બીજી વખત રૂ. ૧૦૦૦**

# Road safety and traffic management




હેલ્મેટ વગર વાહન ચલાવવા પર રૂપિયા ૫૦૦ દંડ

# <u>મોટર વાહન અધિનિયમ ૧૯૮૮</u>

(સુધારા ઠરાવ સંદર્ભ (1) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનું તા.૧૨/૦૯/૨૦૧૯નું જાહેરનામું

ક્ર.PT/2019/12/MVD/102014/165/KH)

## <u>માર્ગ સલામતી સંદર્ભેસુધારા સંક્ષિપ્ત સમજ</u>

<u>પ્રસ્તાવના:-</u>

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ-૧૭૭ થી ૧૯૯ હેઠળ વિવિધ પ્રકારના ગુન્હાનું વિવરણ કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૨૦૦ હેઠળ અમુક ગુન્હા માંડવાળને પાત્ર હોય છે. ભારત સરકારે મોટર વાહન(સુધારા) અધિનિયમ,૨૦૧૯ થી તેમાં વિસ્તૃત સુધારા કરેલ છે.જે અન્વયે ઉક્ત કલમ હેઠળના વિવિધ પ્રકારના ગુન્હા અંગેની માંડવાળ ફી ઠરાવવા માટે સંદર્ભ (૧)માં જાહેરનામું દર્શાવેલ છે.

<u>મોટર વાહન (સુધારો) અધિનિયમ ૨૦૧૯ સંદર્ભે જાણવા જેવી મુખ્ય બાબતો</u>:-

- ❖ ગુજરાત રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર દ્વારા સૂચવવામાં આવેલાં દંડની જોગવાઈઓને ઘટાડીને લાગુ કરી છે.
- ❖ મોટર વાહન વિભાગના આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર કે તેની ઉપરના દરજ્જાનાં અધિકારી તથા ટ્રાફિક-પોલીસને દંડ વસૂલાતની સત્તા રહેશે(પોલીસ વિભાગમાં હેડ કોન્ટેબલ કે તેથી ઉપરનાં દરજ્જાના અધિકારી), જોકે અમુક પ્રકારના દંડ લાગુ કરવાની કે તેના માંડવાળની સત્તા કોર્ટ પાસે જ રહેશે.
- ❖ કલમ ૧૭૭ અંતર્ગત વાહનચાલક પાસે જરૂરી ડોક્યુમેન્ટની સરકાર માન્ય ડિજિટલ લોકરમાં સોફ્ટકૉપી હશે તો તેને માન્ય ગણવામાં આવશે. દસ્તાવેજો સાથે ન હોય તો ૧૫ દિવસમાં રજૂ કરી શકાશે.
- ❖ કલમ ૧૯૪-ડી મુજબ ટુ-વ્હિલરમાં હેલ્મેટ વગર વાહન ચલાવવા બદલ દંડની રકમ રૂ.૫૦૦ કરવામાં આવી છે, જે અગાઉ રૂ.૧૦૦ હતી. કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧૦૦૦ દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- ❖ કલમ ૧૯૪-સી મુજબ ટુ-વિહીકલમાં ત્રણ કે તેથી વધુ સવારી માટે દર વખતે રૂ. ૧૦૦-૧૦૦નો દંડ થશે.
- ❖ કલમ ૧૯૪-બી મુજબ સીટ-બેલ્ટ વગર વાહન ચલાવવા બદલ રૂ.૫૦૦ નો દંડ થશે.કેન્દ્ર સરકારના કાયદામાં રૂ.૧૦૦૦ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- ❖ કલમ ૧૯૨ મુજબ આર.સી.બુક (રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ) વગર કોઈ વાહન ચલાવતા પકડાશે તો પહેલી વખત રૂ.૫૦૦ અને બીજી વખત પકડાશે તો રૂ.૧૦૦૦નો દંડ થશે.

- ❖ કલમ ૧૯૨ મુજબ રજીસ્ટ્રેશન રદ થવા પર ટુ-વ્હિલર ચલાવવા બદલ રૂ.૨૦૦૦, રૂ.૩૦૦૦ અને રૂ.૫૦૦૦ એમ વાહનોની શ્રેણીના આધારે ત્રણ તબ્બકામાં દંડ વિભાજિત કરવામાં આવ્યો છે.
- ❖ કલમ ૧૭૭ મુજબ લાઈસન્સ,વીમો,પી.યુ.સી, આર.સી. બુક વગેરે દસ્તાવેજો સાથે ન હોવા પર પ્રથમ વખત રૂ.૫૦૦ અને બીજી વખત રૂ.૧૦૦૦ દંડની જોગવાઈ છે. જો અન્ય કોઈનું વાહન હશે તો વાહનમાલિકને પણ રૂ.૩૦૦૦નો દંડ થશે. આ ઉપરાંત કલમ ૧૮૧ મુજબ લાઈસન્સ વગરનાં ટુ-વ્હિલરને ચલાવવા બદલ રૂ.૨૦૦૦ અને તેની ઉપરનાં વાહનો માટે રૂ.૩૦૦૦ના દંડની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના કાયદામાં રૂ.૫૦૦૦ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- ❖ કલમ ૧૭૭ મુજબ ચાલુ વાહને મોબાઈલ ઉપર વાત કરવા બદલ પ્રથમ વખત રૂ.૫૦૦ અને બીજી વખત રૂ.૧૦૦૦નો દંડ થશે.
- ❖ કલમ ૧૮૪ મુજબ ભયજનક રીતે વાહન ચલાવવા તથા ખોટી દિશામાં વાહન હંકારવા બદલ ટુ અને થ્રી-વ્હિલરને રૂ.૧૫૦૦, લાઈટ મોટર વ્હીકલને રૂ.૩૦૦૦ અને ભારે વાહનોને રૂ.૫૦૦૦નો દંડ થશે.
- ❖ કલમ ૧૮૪ મુજબ ખુબ ઝડપે વાહન ચલાવવા બદલ ટુ-વ્હિલર,થ્રીવ્હિલર કે ટ્રેક્ટરને રૂ.૧૫૦૦, લાઈટ વ્હિકલને રૂ.૩૦૦૦ અને ભારે વાહનોને રૂ.૪૦૦૦નો દંડ થશે.
- ❖ એક્સપ્રેસ હાઇવે ઉપર જો મોટરની ઝડપ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુ હશે તો તેને ઓવરસ્પીડ ગણવામાં આવશે.
- ❖ નેશનલ હાઇવે તથા ફોરલેન માટે ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપને ઓવરસ્પીડ ઝડપ ગણવામાં આવશે.
- ❖ કલમ ૧૮૯ મુજબ જાહેરમાં વાહનોની હરીફાઈ કરવા તથા ભયજનક રીતે વાહન ચલાવવા બદલ રૂ.૫૦૦૦ના દંડની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે પણ આને માટે રૂ.૫૦૦૦ દંડ ઠરાવેલ છે. આમાં જો બીજીવાર પકડાશે તો ૧૦૦૦૦ રૂપિયા દંડ થશે.
- ❖ કલમ ૧૯૪ ઈ મુજબ જો કોઈ વાહન એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડના વાહનના માર્ગમાં અડચણ ઊભી કરે તો રૂ.૧૦૦૦ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- ❖ કલમ ૧૯૬ મુજબ વીમા વિનાનું વાહન હંકારવા પર પ્રથમ વખત રૂ.૨૦૦૦ અને બીજી વખત રૂ. ૪૦૦૦ નો દંડ છે.
- ❖ કલમ ૧૬૨ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા ‘સોનેરી કલાક’ (ગોલ્ડન અવર) દરમ્યાન સડક દુર્ઘટનાનો શિકાર બનેલ માણસોને કેશલેસ ઉપચાર મળે તેની યોજના વિકસિત કરેલ છે.
- ❖ કલમ ૧૬૩ અને કલમ ૧૬૪ મુજબ હિટ એન્ડ રન ના કિસ્સામાં ઓછામાં ઓછા વળતરમાં વધારો કરવામાં આવ્યો છે. 1) મૃત્યુની સ્થિતિમાં ૨૦૦૦૦૦ રૂપિયા અને ગંભીર ચોટ ની સ્થિતિમાં ૫૦૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

- ❖ ગુડ સમરિટન્સ(Good Samaritans) (ઉમદા સહાયક) :- કલમ ૧૩૪-એએક્ટ મુજબ, ગુડ સમરિટન એવી વ્યક્તિ છે જે અકસ્માત પીડિતને કટોકટીની તબીબી અથવા બિન-તબીબી મદદ આપે છે. આ મદદ સદભાવના, સ્વૈચ્છિક અને કોઈપણ ઈનામની અપેક્ષા વિના હોવી જોઈએ.જો સહાય પૂરી પાડવામાં બેદરકારીને કારણે અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિને ઈજા અથવા મૃત્યુ થાય તો ગુડ સમરિટન કોઈપણ દીવાની અથવા ફોજદારી કાર્યવાહી માટે જવાબદાર રહેશે નહીં.
- ❖ વાહનોને પાછા ખેંચવા:-કલમ ૧૧૦-એ મુજબ આ કાયદો કેન્દ્ર સરકારને વાહનોને પાછા લેવાનો આદેશ આપવાની અનુમતિ આપે છે, જેમાં ખામી હોય કે જે પર્યાવરણને અથવા ડ્રાઇવર અથવા રસ્તાના વપરાશકારોને નુકસાન પહોંચાડી શકે છે.આવી ઘટનામાં ઉત્પાદકે (i) ખરીદનારને વાહનની સંપૂર્ણ કિંમત રિફંડ કરવી પડશે અથવા (ii) ખામીયુક્ત વાહનને સમાન અથવા વધુ સારી વિશિષ્ટતાઓના અન્ય વાહન સાથે બદલવું પડશે.
- ❖ કલમ ૧૮૫ મુજબ શરાબ અને ડ્રગ્સ ના નશામાં વાહન ચલાવવા પર ૧૦૦૦૦ રૂપિયા નો દંડ વધારવામાં આવ્યો છે.
- ❖ કલમ ૧૧૦-બી મુજબ જો વાહન ઉત્પાદક મોટર વાહનોના નિર્માણ કે રખરખાવ ના માપદંડોને અનુસરવામાં અસફળ રહે તો વધુમાં વધુ ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ અને એક વર્ષ ની સજા તથા બંને સજા આપી શકાય છે.
- ❖ જો કોન્ટ્રાક્ટર સડકની ડીઝાઇન કે માપદંડોનું અનુપાલન ના કરે તો એક લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે.
- ❖ આ સિવાય ટ્રાફિકના નિયમો, રોડના સ્ટ્રક્ચર , રોડ પરના વિવિધ સાઈન બોર્ડ, સરકારશ્રી ની ડિજિટલ સર્વિસની સમજ વગેરે આ મોડ્યુલના આગળના મુદ્દાઓમાં મળશે.
- ❖ અંતે ઉપરોક્ત બાબતોનાનિયમો તથા ગુન્હાઓની માંડવાળ ફી સરકારશ્રી દ્વારા વખતો વખતના જાહેરનામાંથી જે પ્રમાણે નિયત કરવામાં આવે તે મુજબ રહેશે તેમજ સરકાર દ્વારા જાહેર કરેલ વાસ્તવિક જાહેરનામાં પ્રમાણે અર્થઘટન અંતિમ રહેશે.
- ❖ વિસ્તૃત માહિતી માટે વર્તમાન કાયદાઓ, નિયમો, જાહેરનામાં પરિપત્રો વગેરે નીચે આપેલ વેબસાઈટ પરથી મેળવી શકાય છે.

સંદર્ભ:-1)https://pnt.gujarat.gov.in/બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ની વેબસાઈટ

2) https://cot.gujarat.gov.in/index-gu.htm વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ગુજરાત સરકાર વેબસાઈટ

3) વિવિધ સમાચાર પત્રોમાં પ્રસારિત થયેલ સંકલનમાંથી

# રોડનું સ્વરૂપ – વાહનવ્યવહારના રોડ અને તેના પ્રકાર

કોઈપણ દેશના અર્થતંત્રનો મુખ્ય આધાર તેના વાહનવ્યવહાર માટે રસ્તા કેવા છે તેના પર છે.દેશમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ થાય એ મહત્વનું છે.આજે જમીન ,જળ અને વાયુ નાં રસ્તાનો દિન પ્રતિદિન તેમાં સુધારો થઇ રહ્યો છે,ભારત દેશ એ ગામડાનો અને વિવિધતાસભર ભૌગોલિક પરિસ્થિતી ધરાવતો દેશ છે.ગ્રામ્ય અને શહેર લેવલે રસ્તામાં ઘણા બધા ફેરફાર હોય છે.પહેલાનાં સમયમાં સાધનોનો આટલો બધો વિકાસ નહોતો ત્યારે આપણને રસ્તાની આટલી જરૂરીયાત લાગતી નહોતી .આજે કોઈપણ દેશના વિકાસમાં મહત્વનો કોઈ ભાગ હોય તો તે દેશનારોડ અને જાહેરરસ્તાએ વાહનવ્યવહાર માટેનું મહત્વનું અંગ છે, વ્યાપક માર્ગ સાથે નેટવર્ક એ યાતાયાતનું સરસ ઉદાહરણ છે. પ્રાથમિક રીતે રાજ્ય ધોરીમાર્ગો અને પંચાયત માર્ગો (ગ્રામ્ય રસ્તાઓ)નાં નિર્માણ અને જાળવણી એ મુખ્ય બાબત હોય છે.

રાજ્ય ધોરીમાર્ગો રાજ્યના જિલ્લામથકોને અને મહત્વનાં શહેરોને રાષ્ટ્રીય ધોરીમાર્ગો કે નજીકનાં રાજ્યોનાં રાજ્ય ધોરીમાર્ગો સાથે જોડતા મહત્વના માર્ગો છે.

**રસ્તા (ભૂમિમાર્ગ)** :

વિવિધ ભૂમિસ્થળોને જોડતો પગપાળા ચાલવાનો અથવા પરિવહન માટેનો પથ.પ્રાચીન સમયમાં મનુષ્યો અથવા પ્રાણીઓની અવરજવરથી અને ગાડાવાટથી બનેલાં બે સ્થળો વચ્ચેના વનસ્પતિરહિત પથને રસ્તો કહેવામાં આવતો હતો. પ્રાણીઓ દ્વારા શરુ કરીને અદ્યતન એન્જીન અને વધુ પૈડાંવાળાં વાહનોની અવરજવર વધવાથી સુગમ રસ્તા બનાવવાની કલ્પના સાકાર થવા માંડી.

**રસ્તાઓ વિભિન્ન પ્રકારના હોય છે**



- **ધુળીયા (નેળીયાવાળા)રસ્તા**–ધુળીયા રસ્તા એટલે ગામડામાં ખેતરો વચ્ચે બનાવેલા હોય અને રસ્તો સાવ સાંકળો હોય તેમજ રસ્તા ની બન્ને બાજુએ લચી ગયેલા ઝાડના પાંદડા પરનો ધુળનો થર જાય તેવા રસ્તા અને આવા રસ્તા હોય જેનો આજની પેઢી તો નહિ પણ વર્ષો પહેલા ખેતરમાં હાલ,બળદગાડા લઇ જવા આવા રસ્તાનો વિશેષ ઉપયોગ કરવામાં આવતો.



➢ કાચા રસ્તા - આવા કાચા રસ્તા પણ ગ્રામવિસ્તારોમાં હોય છે. જેનાથી આજુબાજુના ગામને આ રસ્તા દ્વારા જોડાતા હતા.જેને સ્થાનિક રસ્તાઓપણ કહેવાય અને તે સાંકડા હોય છે.

➢ **પંચાયતના પાકા માર્ગો–**



કાચા રસ્તા ઉપર ડામરમાં રગદોળેલા અનુક્રમે નાના કદના પથ્થરોનું અને કપચીનું સ્તર બનાવીને તેમને પણ ડામર ગરમ હોય તે જ સમયે દબાવવામાં આવે છે. આ પદ્ધતિથી બનાવેલા રસ્તાઓ મજબૂત હોય છે, આ માર્ગ જેમાં ડામર નો ઉપયોગ થાય છે,જેને પાકા રોડ પણ કહીએ છીએ.અને મુખ્ય રોડથી વિવિધ ગામો અને શહેરો ને આ માર્ગ જોડે છે. શહેરોને જોડતા મુખ્ય રસ્તાઓ (main roads); તે પહોળા હોય છે. શહેરની અંદર બનાવેલા રસ્તાઓ (શેરીઓ streets) તેમજ શહેર બહાર બનાવેલા ગોળાકાર આડરસ્તાઓ (bypasses) વસ્તીની ઓછીવત્તી સંખ્યાને અનુરૂપ સાંકડા કે પહોળા હોય છે.આ રસ્તાઓ મુખ્યમંત્રી સડક યોજના કે જેનો અમલ ૬ સપ્ટેમ્બર ૨૦૧૬ થી અને પ્રધાનમંત્રી સડક યોજના કે જેમાં ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ ૨૫૦ થી વધુ વસ્તી આદિજાતિ પર અને ૫૦૦ થી વધુ વસ્તી વાલા બિન આદિજાતી પરાઓને જોડે છે તેવો માર્ગ.જેનવેમ્બર-૨૦૧૫ના પરિપત્રથી ભારત સરકારે ૧.૪.૧૫ થી અમલમાં મુકેલ છે.પાકા રસ્તા એટલે કે એક ગામથી બીજા ગામને જોડતા આ રસ્તા તાલુકા કક્ષાએથી દરખાસ્ત કરી ,જોબ તૈયાર થાય ત્યારબાદ આ પ્રકારના રસ્તા આર એમ ડી જીલ્લા પંચાયત દ્વારા મુખ્યમંત્રી સડક યોજના અને

પ્રધાનમંત્રી સડક યોજના અંતર્ગત બનાવવામા આવે છે.આવા માર્ગ એપ્રોચ રોડ તરીકે પણ ઓળખાય છે.

- **રાજ્ય ધોરીમાર્ગો–**



આ માર્ગ બનાવવાની જવાબદારી રાજ્યની છે.દરેક રાજ્ય પોતાના રાજ્યની જરૂરીયાત મુજબ આ પ્રકારના રસ્તા બનાવે છે. વાહનોની અવરજવર વધવાથી તથા ગતિમર્યાદામાં વધારાને લીધે પાકા રસ્તા કરતા પ્રમાણમાં મોટા અને મજબૂત રસ્તાઓ બનાવામાં આવે છે. આ પદ્ધતિમાં રસ્તો બનાવવા માટે જમીનની સપાટી ઉપર અનુક્રમે મોટા કદના અને મધ્યમ કદના પથ્થરોનું સ્તર બનાવીને ભારે વજનનું રોલિંગ એન્જિન ફેરવીને પથ્થરોને દબાવવામાં આવે છે. ત્યારપછી તેમની ઉપર નાના કદના પથ્થર અને કપચી સાથે સિમેન્ટમાં પાણી નાંખીને બનાવેલો રગડો પાથરવામાં આવે છે. સિમેન્ટ સુકાય ત્યારે તિરાડો પડવાની સંભાવના હોય છે. તે ટાળવા માટે લોખંડના સળિયાનું ચોકઠું મધ્યમ કદના પથ્થરોના સ્તર ઉપર મૂકીને તેમાં સિમેન્ટનો રગડો પાથરવામાં આવે છે. તેના પર જરૂરીયાત મુજબનું ડામરનું સ્તર પાથરવામાં આવે છે.રસ્તાઓ સુંદર દેખાય તે માટે તેમની બંને બાજુમાટીનું પુરાણ કરી વૃક્ષો અને છોડ તથા વરસાદી પાણીથી રસ્તાની કિનારીઓ ધોવાઈ ન જાય તે માટે કિનારી ઉપર વિશિષ્ટ પ્રકારનું ઘાસ ઉગાડવામાં આવે છે. આ રસ્તા આર.એમ.ડી રાજ્ય વિભાગ રસ્તાનો નક્શો અને ખર્ચના જોબ તૈયાર કરે છે અને ત્યારબાદ  રાજ્ય સરકાર આર એમ ડી વિભાગને બનાવવની મંજુરી આપે છે.આવા રાજ્ય ધોરીમાર્ગો હોય છે.

- **રાષ્ટ્રીય ધોરીમાર્ગો–**



ભારે વાહનોની અવરજવર વધવાથી રાષ્ટ્રના મહત્વનાં ગામ અને શહેરોને જોડતા રાષ્ટ્રીય ધોરી રસ્તાઓ (highways) ખૂબ પહોળા અને બહુપંક્તીય (SIX LANE સુધી)બનાવવામાં આવે છે. મોટાં શહેરોમાં ગીચ વાહનવ્યવહારવાળાં સ્થળોએ મૂળ

રસ્તા ઉપર સ્તંભો બનાવીને તેની ઉપર અથવા મૂળ રસ્તાની નીચે બોગદું (Tunnel) બનાવીને તેની અંદર બીજો રસ્તો બાંધવામાં આવે છે. ધોરી રસ્તાઓ ઉપર ભારે અને ઝડપી વાહનવ્યવહાર ચાલતો હોવાથી સામસામેની દિશાઓમાં દોડતાં વાહનો અથડાઈ ન પડે તે માટે સલામતી અવરોધક તરીકે બહુપંક્તિઓની બરાબર મધ્યમાં સિમેન્ટના બ્લૉક અથવા પથ્થર જડેલા અથવા હરિયાળું ઘાસ, ફૂલછોડ કે ફૂલઝાડ વાવેલા જમીનના પટ્ટા હોય છે. વાહનવ્યવહાર સરળ રીતે ચાલે તે માટે જે સ્થળે ધોરી માર્ગને અન્ય નાનામોટા માર્ગ છેદતા હોય તે સ્થળે પુલ અથવા ફ્લાયઓવર (flyover) બનાવીને ધોરીમાર્ગ પુલ કે ફ્લાયઓવરની ઉપરથી અને અન્ય નાનામોટા માર્ગ નીચેથી પસાર થાય તે પ્રકારનું બાંધકામ કરવામાં આવે છે. આ સ્થળો પરસ્પર અદલબદલનાં સ્થળો (interchanges) તરીકે ઓળખાય છે. વિકસિત દેશોમાં આવાં કેટલાંક સ્થળોએથી ધોરીમાર્ગ ઉપર ફક્ત સીમિત અને નિયંત્રિત પ્રવેશ(entry) અથવા નિકાસ (exit) આપવામાં આવે છે; જેથી રાષ્ટ્રીય વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થાય નહિ. આ હેતુથી બંને માર્ગોને સાંકળતા ઢાળવાળા અને વળાંકવાળા રસ્તાઓ (ramp/slip roads) બનાવવામાં આવે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ,ભારતમાલા જેવી યોજનાથી બનતા રતાઓ માર્ગ અને પરિવહન હાઇવે મંત્રાલય તેમજ એકસપ્રેસ વિભાગ ,ભારત સરકાર બનાવે છે.વિશ્વનો પ્રત્યેક દેશ રસ્તાઓ ઉપરના અકસ્માત અટકાવવા માટે પ્રયત્નશીલ હોય છે,

- **એક્સપ્રેસ વે–**




ભારતવિકાસશીલ દેશ છે.તેમ ભારતનું રોડ નેટવર્ક પણ છે.ભારતીય રોડ નેટવર્કના વિકાસની ગતિ જબરદસ્ત છે.ભારતનું રોડ નેટવર્ક દરેક મોટા શહેરને તેના રાષ્ટ્રીય રસ્તાઓ ધોરીમાર્ગ,એક્સ પ્રેસ અને ઓવરપાસ વડે નાનામાં નાના શહેર સાથે જોડે છે .એક્સપ્રેસ વે એ હાઈસ્પીડ વાહનો માટે ખાસ ડીઝાઈન કરેલો રસ્તો છે.રેમ્પ આવા રસ્તાઓના પ્રવેશ અને બહાર નીકળવાનું નિયંત્રણ કરે છે અને તે એટલા માટે બનાવવામાં આવે છે કે અન્ય કોઈ એક્સપ્રેસ વે ક્રોસ (પસાર) કરી શકે નહિ.



➢ **ભારતમાલા** - આ રાષ્ટ્રીય રાજમાર્ગ વિકાસ પરિયોજના ,જે સમગ્ર ભારતને જોડતો આ માર્ગ છે.ભારતના મોટા ભાગના રાજ્યોને તેમજ રાજ્ય ધોરીમાર્ગ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ,એક્સપ્રેસ વે ને જોડતો આ માર્ગ હશે.ભારતના વિવિધ બંદરો ,રાષ્ટ્રીય કોરીડોરસ ને વધુ સુદૃઢ બનાવવા તેમજ ધાર્મિક અને પર્યટન સ્થળ જેવા કે કેદારનાથ ,બદ્રીનાથ, ગંગોત્રીઅનેયમનોત્રીને જોડવાની યોજના આ માર્ગ થકી છે.અત્યાર સુધીના બિનજોડાણ અને દૂરના વિસ્તારોને જોડવાની પરિકલ્પના કરે છે.

➢ ભારતમાલા પ્રોજેક્ટની મુખ્ય વિગતો

ભારતમાલા પ્રોજેક્ટ પહેલાં અને પછી

| ખાસ | વિગતો |
|---|---|
| પ્રોજેક્ટનું નામ | ભારતમાલા પ્રોજેક્ટ |
| લોન્ચ વર્ષ | ૨૦૧૫ |
| અંદાજીત ખર્ચ | ૧૦.૬૩ લાખ કરોડ |
| મંત્રાલય જવાબદાર | માર્ગ અને પરિવહન હાઈવે મંત્રાલય |

| પહેલાં | પછી |
|---|---|
| છ કોરિડોર | પચાસ કોરિડોર |
| રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ૪૦% નૂર ટ્રાફિક | રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ૭૦% થી ૮૦% નૂર ટ્રાફિક |
| અંદાજે ૩૦૦ જીલ્લાઓ ૪+ લેન હાઈવે દ્વારા જોડાયેલા છે. | અંદાજે ૫૫૦ જીલ્લાઓ ૪+ લેન હાઈવે દ્વારા જોડાશે |

**મૂલ્યાંકન (પ્રશ્નોતરી)**

(૧) વાહન વ્યવહારનાં રોડના પ્રકાર ક્યા કયા છે?

(A) પાકા રસ્તા (B) રાજ્ય ધોરીમાર્ગ

(C) રાષ્ટ્રીય ધોરીમાર્ગ (D) આપેલ તમામ

(૨) મુખ્યમંત્રી સડક યોજનાનો અમલ ક્યારથી થયો હતો?

(A) ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૫ (B) ૬ સપ્ટેમ્બર ૨૦૧૬

(C) ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૬ (D) ૬ સપ્ટેમ્બર ૨૦૧૫

(3) ભારતના માર્ગ અને પરિવહન હાઇવે મંત્રાલયે વર્ષ : ૨૦૧૫ માં ક્યા મહત્વપૂર્ણ પ્રોજેક્ટની શરૂઆત કરી?

(A) ગ્રામ સડક યોજના (B) પ્રધાનમંત્રી સડકયોજના

(C) રાષ્ટ્રીય ધોરીમાર્ગ (D) ભારતમાલા પ્રોજેક્ટ

(૪) વાહન ચાલક માટે નીચેનામાંથી કયો માર્ગ વધુ સુલભ રહેશે?

(A) એક્સ્પ્રેસ માર્ગ (B) પંચાયતના પાકામાર્ગ

(C) રાષ્ટ્રીય ધોરીમાર્ગ (D) રાજ્ય ધોરીમાર્ગ


(૫) મુખ્યમંત્રી સડક યોજનાના જેવી જ બીજી કઈ યોજના હાલમાં કાર્યરત છે?

(A) જીલ્લા સડક યોજના (B) પંચાયતી સડક યોજના

(C) પ્રધાનમંત્રી આવાસ યોજના (D) પ્રધાનમંત્રી સડક યોજના

(૬) ભારતના મોટાભાગના રાજ્યોને જોડતી નવી રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજના કઈ છ?

(A) એક્સ્પ્રેસ માર્ગ (B) ભારતમાલા (C) રાષ્ટ્રીય ધોરીમાર્ગ (D) રાજ્ય ધોરીમાર્ગ


ધૂળિયા માર્ગ
કાચા માર્ગ
પંચાયતના પાકા માર્ગ (એપ્રોચ)
રાજ્ય ધોરીમાર્ગ
રાષ્ટ્રીય ધોરીમાર્ગ
એક્સપ્રેસ માર્ગ
ભારતમાલા

## દેશના નેશનલ હાઇવે (નવા નંબર) અને લંબાઈની યાદી

| ક્રમ | રાજ્યનું નામ | નેશનલ હાઇવે નંબર | કુલ લંબાઈ 31.03.2019 (કિ.મી) |
|---|---|---|---|
| 1 | Andhra Pradesh | 16, 216, 216A, 516C, 516D, 516 E, 716, 716A, 716B, 26, 326, 326A, 30, 40, 140, 340, 340C, 42, 44 N.S., 544D, 544F, 544DD, 544E, 150A, 65, 165, 365BB, 565, 765, 67, 167, 167A, 167B, 167BG, 69, 71, 75 | **6,912** |
| 2 | Arunachal Pradesh | 13, 113, 313, 513, 713, 713A, 15, 115, 215, 315, 415, 515, 315A | **2,537** |
| 3 | Assam | 2, 702, 702C, 702D, 6, 306, 8, 208A, 15, 115, 215, 315, 315A, 415, 515, 715, 715A, 17, 117, 117A, 217, 27 E.W., 127, 127A, 127B, 127C, 127D, 127E, 427, 627, 29, 129, 329, 329A, 37 | **3,909** |
| 4 | Bihar | 19 G.Q., 119, 219, 319, 319A, 20, 120, 22, 122, 122A, 122B, 322, 722, 922, 27 E.W., 227, 227A, 227F, 227J, 227L, 327, 327A, 327AD, 527, 527A, 527B, 527C, 527D, 527E, 727, 727A, 727AA, 31, 131, 131A, 131B, 231, 331, 431, 531, 33, 133, 133A, 133B, 333, 333A, 333B, 333C, 139 | **5,358** |
| 5 | Chandigarh | 5 | **15** |
| 6 | Chhattisgarh | 30, 130, 130A, 130B, 130C, 130D, 130CD, 930, 43, 143B, 343, 45, 49, 149B, 53, 153, 353, 63, 163, 163A | **3,605** |
| 7 | Delhi | 9, 709B, 44, 344M, 344N, 344P, 48, 148A, 148AE, 148NA, 248BB | **157** |
| 8 | Goa | 748, 748AA, 66, 366, 566 | **293** |
| 9 | Gujarat | NE-1, 27, 927D, 41, 141, 341, 47, 147, 147D, 48, 148M, 148N, 848, 848A, 848B, 51, 151, 151A, 251, 351, 351F, 751, 751D, 751DD, 53, 753B, 953, 754K, 56, 756, 58, 64, 68, 168, 168A | **6,635** |
| 10 | Haryana | NE2, 703, 5, 105, 7, 907, 907G, 9, 709, 709A, 709AD, 11, 919, 334B, 334D, 44, 344, 344N, 344P, 444A, 48, 148A, 148B, 148N, 148NA, 248A, 248BB, 54, 52, 152, 152A, 152D, 352, 352A, 352R, 352W, 254 | **3,166** |

| ક્રમ | રાજ્યનું નામ | નેશનલ હાઇવે નંબર | કુલ લંબાઈ 31.03.2019 (કિ.મી) |
|---|---|---|---|
| 11 | Himachal Pradesh | 3, 103, 303, 503, 503A, 5, 105, 205, 305, 505, 505A, 705, 7, 707, 907A,<br>907, 154, 154A, 44 N.S. | **2,607** |
| 12 | Jammu & Kashmir | 1, 301, 501, 701, 701A, 3, 44, 144, 144A, 244, 244A, 444 | **2,423** |
| 13 | Jharkhand | 114A, 18, 118, 218, 19, 419, 20, 220, 320, 320D, 320G, 22, 522, 33, 133, 333, 133A, 133B, 333A, 39, 139, 43, 143, 143A, 143B, 143AG, 143D, 143H, 343, 49 | **3,367** |
| 14 | Karnataka | 44 N.S., 544DD, 544E, 48 G.Q., 548B, 548H, 648, 748, 748AA, 948, 948A, 50, 150, 150A, 52, 752K, 160, 161A, 561A, 163, 65, 66, 166E, 766, 766C, 766E, 766EE, 67, 167, 367, 367A, 69, 169, 169A, 369, 369E, 73, 173, 373, 75, 275, 275K, 181 | **7,335** |
| 15 | Kerala | 544, 744, 66, 766, 966, 966 A, 966 B, 183, 183A, 85, 185 | **1,782** |
| 16 | Madhya Pradesh | 719, 27, 927A, 30, 34, 135, 135B, 135BB, 135BD, 135BG, 135C, 44, 45, 934, 39, 339B, 539, 43, 543, 943, 46, 146, 146B, 346, 47, 147E, 347, 347A, 347B, 347C, 547, 548C, 52, 552 Ext., 752B, 752C, 752G, 753L, 56, 161G | **8,772** |

| ક્રમ | રાજ્યનું નામ | નેશનલ હાઇવે નંબર | કુલ લંબાઈ 31.03.2019 (કિ.મી) |
|---|---|---|---|
| 17 | Maharashtra | 930, 930D, 130D, 543, 44, 47, 547, 547E, 347C, 247, 647, 347A, 48, 348, 348A, 348B, 348BB, 548A, 548B, 548C, 548DD, 548H, 548D , 548, 548CC, 548E, 848, 848A, 50, 150, 52, 652, 752E, 752G, 752I,<br>752K, 752H, 53, 353C, 353D, 353E, 753, 753A, 753B, 753E, 753F, 953, 353B, 353I , 753J, 753L, 353J, 353K, 753C, 753BB, 753AB, 753H,<br>753M, 60, 160, 160A, 160B, 160C, 160D, 160H, 61, 161, 161A, 161E, 161G, 161H, 461B, 361F, 361, 361B, 361C, 361H, 561A , 561, 561, 761, 63, 65, 465, 965, 965DD, 965D, 965C, 965G, 66, 166, 166A, 166H, 166D, 166F, 166G, 166E, 266 | **17,757** |
| 18 | Manipur | 2, 102, 102A, 102B, 102C, 202, 702A, 29, 129A, 37, 137, 137A | **1,750** |
| 19 | Meghalaya | 6, 106, 206, 217, 127B | **1,156** |
| 20 | Mizoram | 2, 102B, 302, 502, 502A, 6, 306, 306A, 108 | **1,423** |
| 21 | Nagaland | 2, 202, 702, 702A, 702B, 702D, 29, 129, 129A, 229, 329A | **1,548** |
| 22 | Odisha | 16 G.Q., 316, 316A, 516, 516A, 18, 20, 220, 320D, 520, 720, 26, 126, 126A, 326, 326A, 130C, 130CD, 143, 143H, 49, 149, 53, 153B, 353, 55, 655, 57, 157, 157A, 59, 63 | **5,762** |
| 23 | Puducherry | 32, 332 | **27** |
| 24 | Punjab | 3, 503, 503A, 703, 703A, 703B, 5, 105B, 205, 205A, 7, 9, 44, 344, 344A, 344B, 148B, 148BB, 52, 152, 152A, 54, 154, 154A, 254, 354, 354B, 354E, 754, 62 | **3,274** |
| 25 | Rajasthan | 709, 11, 311, 911, 911A, 919, 21, 921, 23, 123, 25, 125, 325, 925, 925A, 27, 927A, 44, 48, 148, 148B, 148C, 148D, 148N, 248, 248A, 448, 52, 552, 552G, 752, 54, 754K, 954, 56, 156, 58, 158, 458, 758, 62, 162, 162A, 68, 168, 168A, 968, 70 | **10,342** |
| 26 | Sikkim | 10, 310, 310A, 510, 710, 717A, 717B | **463** |

| ક્રમ | રાજ્યનું નામ | નેશનલ હાઇવે નંબર | કુલ લંબાઈ 31.03.2019 (કિ.મી) |
|---|---|---|---|
| 27 | Tamil Nadu | 16 G.Q., 716, 716A, 716B, 32, 32 Ext., 132, 132B, 332, 332A, 532, 36, 136, 136, 136B, 336, 536, 38, 138, 338, 40, 42, 44 N.S., 544, 544H, 744, 744A, 844, 944, 48 G.Q., 648, 948, 66, 75, 77, 79, 179A, 179B, 179D, 81, 181, 381, 381A, 381B, 83, 183, 383, 85, 785, 87 | **6,742** |
| 28 | Telangana | 30, 44, 150, 353B, 353C, 61, 161, 161B, 161AA, 161BB, 63, 163, 363, 563, 65, 365, 365A, 365B, 365BB, 565, 765, 765D, 167 | **3,795** |
| 29 | Tripura | 8, 108, 108A, 108 B, 208, 208A | **854** |
| 31 | Uttar Pradesh | NE2, 307, 9, 509, 709A, 709AD, 709B, 19, 219, 319D, 519, 719, 21, 321, 321G, 123, 24, 124C, 124D, 27, 227A, 727, 727A, 727AA, 727BB, 727B, 727G, 727H, 927, 28, 128, 128A, 128B, 128C, 328, 328A, 30, 230, 330, 330A, 330B, 330D, 530, 730C, 730S, 530B, 730B, 730H, 730, 730A, 31, 731, 731A, 731B, 731AG, 731K, 135, 335, 931, 931A, 34, 234, 334, 334A, 334C, 334B, 334D, 334DD, 534, 734, 35, 135C, 135A, 135BB, 135B, 39, 339, 539, 44, 344, 552 Ext. | **11,737** |
| 30 | Uttarakhand | 7, 107, 107A, 507, 307, 707, 707A, 9, 109, 309, 309A, 309B, 30, 34, 134, 334, 334A, 534, 734, 344 | **2,949** |
| 32 | West Bengal | 10, 110, 12, 112, 312, 512, 14, 114, 114A, 314, 16, 116, 116A, 116B, 316A, 17, 317, 317A, 517, 717, 717A, 18, 218, 19, 419, 27, 327, 327B, 327C, 31, 131A, 33, 133A, 49 | **3,664** |
| 33 | A & N Islands | 4 | **331** |
| 34 | Dadra & Nagar Haveli | 848A | **31** |
| 35 | Daman & Diu | 848B, 251 | **22** |
| | | **Total** | **132,500** |

# ટેકનોલોજીના વિકાસ સાથે રોડનો વિકાસ

- સમગ્ર ભારતમાં દિન-પ્રતિદિન વસ્તી વધારો આ દેશનો વિકટ પ્રશ્ન બની રહ્યો છે.વસ્તીવધારાની સાથે –સાથે આ દેશમાં વાહન વ્યવહાર ક્ષેત્રે વાહનોની સંખ્યામાં પણ વધારો જોવા મળે છે. જેમ જેમ ટેકનોલોજી ક્ષેત્રે પ્રગતિ થતી જાય છે તેમ તેમ માનવી વધુ સધ્ધરતા કેળવી વધુ ને વધુ વાહન ખરીદતો થયો છે.
- વધુ પડતા વાહનોના પરિણામે ગ્રામ્યથી માંડી શહેરો સુધી મોટર વિહિકલ ક્ષેત્રે ટ્રાફિકની સમસ્યાનો રાફડો ફાટ્યો છે. જે સરકાર અને માનવજાત માટે માથાનો દુખાવો બની ગયો છે.
- ટ્રાફિક સમસ્યા જેવા અનેક પ્રશ્નોના કારણે આજ રોજ અકસ્માતનો પ્રશ્ન વધતો જાય છે.વાહન વ્યવહાર ક્ષેત્રે વધુ પડતા અકસ્માતના કારણે કેન્દ્ર સરકાર વધુ ને વધુ ચિંતિત બનતા દિનપ્રતિદિન સ્ટેટ હાઈવેથી નેશનલ હાઇવે તથા ભારતમાલા જેવા રોડની પહોળાઈ તથા લંબાઈમાં વધારો કરવાની ફરજ પડતી જાય છે.
- પ્રધાનમંત્રી સડક યોજના દ્વારા ગામડાને ગામડાથી તથા ગામડાને શહેરથી જોડવાનું સરકારશ્રીનું અભિયાન મહદ અંશે ખુબ જ સફળ રહ્યું અને ફળદાયી નીવડ્યું.સરકારશ્રી ના આ અભિયાનથી ગામડાના ધૂળિયા રસ્તા ઉપર પાકો ડામરનો રસ્તો બનતા ગામડાના લોકોને શહેરમાં જવા માટે સુખાકારીના એક નવીન યુગનો પ્રારંભ થયો.
- સરકારશ્રીની અનેકવિધ યોજના થકી ગામડાની નાની અને સાંકડી ગલી અને મહોલ્લામાં પણ રોડ બન્યા.સરકારની ગોકુળગામ યોજના મુખ્યમંત્રી,સડક યોજના તથા પ્રધાનમંત્રી સડક યોજનાથી રોડ અને પાકા રસ્તાની બાબતમાં રાજ્ય તથા દેશના ગામડા સધ્ધર બન્યા, જેના થકી આજનો ખેડૂત તથા વેપારી માલસામાનની અવર-જવર ઝડપથી કરવા લાગ્યો.
- મોટા શહેરોમાં રચાતી ટ્રાફિક સમસ્યાનો શિકાર શહેરવાસીઓ બનવા લાગ્યા જેના પરિણામે સરકારશ્રી દ્વારા ફ્લાય ઓવર પુલ બનાવી ટ્રાફિકની સમસ્યાનો સચોટ ઉપાય શોધી કાઢ્યો, જેમ જેમ મુશ્કેલી વધતી જઈ તેમ તેમ નાના શહેરોથી માંડી મહાનગરપાલિકામાં પણ ખુબ જ ફ્લાય ઓવર પુલ બનવા લાગ્યા અને પ્રજાએ સુખાકારીનો અનુભવ કર્યો.
- પ્રવાસ,પર્યટન અને ઉધોગીકરણ વધતા રાજ્ય ધોરીમાર્ગ તથા રાષ્ટ્રીય ધોરી માર્ગ તથા જીલ્લા તાલુકા મથકના એપ્રોચ રોડનો વિવિધ ક્ષેત્રે વિકાસ થયો.સરકારશ્રી દ્વારા જ્યાં

જેવી જરૂરિયાત તે પ્રમાણે દિન-પ્રતિદિન રોડનો વિકાસ થતો જાય છે અને પ્રજાલક્ષી કામ થતા જાય છે.

- અંતરિયાળ નાના –નાના ગામડાથી માંડી શહેરોમાં જ્યાં જ્યાં નદી-નાળા તથા અગમ્ય રસ્તાઓ ઉપર એક ગામથી બીજા ગામ જઈ શકવું શક્ય નહોતું તેવા માર્ગોને પુલથી જોડાણ કરી એક ગામથી બીજા ગામ સાથે જોડી માનવ સુખાકારીનું એક પ્રભાવશાળી કદમ સરકારશ્રીએ ઉપાડ્યું છે.જેના થકી ખુબ જ અંતરિયાળ વિસ્તારનું જિલ્લાના મથક સાથે જોડાણ કરવું સુલભ બન્યું છે.
- જ્યાં-જ્યાં ઊંચાણવાળા તથા પર્વતીય વિસ્તારોમાં રોડ બનાવી શકાય તેની વ્યવસ્થા નહોતી તેવી જગ્યાએ ઊંચા પર્વતો ઉપર ચઢવા માટે રોપ-વે ની વ્યવસ્થા કરી પ્રજાની સુખાકારીમાં વધારો કર્યો છે.
- મોટી મોટી નદીઓ ઉપર પુલ બાંધી એક રોડને બીજા રોડ સાથે જોડાણ કરી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને પણ વિકસતા જમાનામાં પ્રાધાન્ય અપાયું છે.
- ટેકનોલોજીના વિકાસ સાથે મેઘા હાઈવે ઉપર સલામતીના ચિન્હો,પ્રજા જાગૃતિના પોસ્ટરો તથા CCTV કેમેરા મુકવા શક્ય બન્યા છે.
- જેમ જેમ સમય અને સંજોગો બદલાતાં જાય છે તેમ–તેમ સરકાર દ્વારા પ્રજાલક્ષી કામ અર્થે અવનવા પ્રોજેક્ટ મૂકી સુખાકારી અને સલામતી આપવાના પ્રયત્નો થતા રહ્યા છે.




# (4) FASTag

**FASTag વાહનની આગળ લગાવેલ કાચ (વિન્ડસ્ક્રીન) અને પ્રીપેડ એકાઉન્ટ (પહેલાથી કરેલ રીચાર્જ) સાથે જોડાયેલ છે. RFID દ્વારા ટોલ ચૂકવણી કરવામાં આવે છે, કારણ કે વાહન ટોલ ગેટમાંથી પસાર થાય છે, જેનો અર્થ છે કે તમારે તમારી મુસાફરી દરમિયાન ટોલ પ્લાઝા પર રોકાવું પડતું નથી.**

FASTag એ એક પ્રકારનું ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન છે, એક સરળ અને અનુકૂળ રીત. વાસ્તવમાં,રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી પસાર થતા તમામ વાહનોને સરકારને ટોલટેક્સ ચૂકવવો પડે છે અને ટોલટેક્સની વસૂલાત માટે હાઈવે પર કે નેશનલ હાઈવે પર વિવિધ સ્થળોએ ટોલ પ્લાઝા સેન્ટરો બનાવવામાં આવે છે.અહીંથી પસાર થતા તમામ વાહનોને ટોલટેક્સ ભરવો પડે છે, અત્યાર સુધી તમામ લોકો રોકડમાં ટોલટેક્સ ભરતા હતા પરંતુ હવે સરકારે તેને ઓનલાઈન કરી દીધો છે.ટોલટેક્સ પ્લાઝાને ઓનલાઈન બનાવવા માટે અપનાવવામાં આવેલી પદ્ધતિને FASTag કહેવામાં આવે છે.

પરિવહન મંત્રાલય,ભારત સરકાર દ્વારા 16 મી ફેબ્રુઆરી,2021 બાદ તમામ વાહનો કે જે ટોલટેક્સ રોડ પર આવન–જાવન કરે છે તે તમામ વાહનોમાં ફાસ્ટેગ લગાવવું ફરજીયાત કરવામાં આવેલ છે.

ફાસ્ટેગ નિયમ હેઠળ, તમામ ફોર વ્હીલર્સને તેમના વાહનમાં FASTag હોવું જરૂરી છે.વાહનો પર FASTag લગાવવા માટે, વાહન માલિકોએ પહેલા ફાસ્ટેગ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું પડશે. જે પછી તેમના વાહનો માટે ઓનલાઈન ટોલ ટેક્સ જારી કરવામાં આવે છે.

ફેરફારોને ધ્યાનમાં રાખીને, FASTag ટેક્નોલોજી દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર આશરે 615 ટોલ પ્લાઝા પર લાગુ કરવામાં આવી છે. સરકાર કેશલેસ મોડલ લાગુ કરવા આતુર છે જેમાં 100% ટોલ ફાસ્ટેગ દ્વારા વસૂલવામાં આવે છે. આ ઉદ્દેશ્યને આગળ વધારવા માટે, 16મી ફેબ્રુઆરી, 2021થી તમામ વાહનો માટે ફાસ્ટેગ હોવું ફરજિયાત બનાવ્યું છે, જેના વિના તમારે ટોલટેક્સ પર બમણી રકમ ચૂકવવી પડશે.

❖ ડિજિટલ ટેક્નોલોજી જેનો FASTag ઉપયોગ કરે છે.

ભારતમાં ઈલેક્ટ્રોનિક ટોલ વસૂલાતની સુવિધા માટે વિકસાવવામાં આવેલ, FASTag એ વાહનો પર ફીટ કરાયેલ એક ટેગ છે અને NPCI (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) અને NHAI (નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા સંચાલિત 23 બેંકો દ્વારા સંચાલિત છે. તે રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ટોલ કલેક્શન સિસ્ટમમાં માણસ ની જરૂરિયાત દૂર કરે છે.

❖ ફાસ્ટેગ કેવી રીતે કામ કરે છે?

FASTag વાહનની આગળ લગાવેલ કાચ (વિન્ડસ્ક્રીન) સાથે જોડાયેલ છે અને પ્રીપેડ એકાઉન્ટ (પહેલા થી કરેલ રીચાર્જ) સાથે જોડાયેલ છે. RFID દ્વારા ટોલ ચૂકવણી કરવામાં આવે છે, કારણ કે વાહન ટોલ ગેટમાંથી પસાર થાય છે, જેનો અર્થ છે કે તમારે તમારી મુસાફરી દરમિયાન ટોલ પ્લાઝા પર રોકાવું પડતું નથી. ટ્રાન્ઝેક્શન માટે પ્રીપેડ FASTag એકાઉન્ટ માંથી પૈસા કાપવામાં આવશે જે ચૂકવણીને સરળ બનાવે છે. દાખલા તરીકે, તમે ઈલેક્ટ્રોનિક ટોલ પેમેન્ટ માટે તમારા બેંક સેવિંગ્સ એકાઉન્ટ અથવા કરંટ એકાઉન્ટને FASTag સાથે પણ લિંક કરી શકો છો. આ માટે, તમારે પહેલા તમારા વાહન માટે ફાસ્ટેગ પ્રોફાઈલ મેળવવાની જરૂર છે, જેના માટે તમે બેંક FASTag પોર્ટલ પર લૉગ ઈન કરી શકો છો અને ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા નેટબેંકિંગનો ઉપયોગ કરીને રિચાર્જ વિકલ્પ દ્વારા ચુકવણી કરી શકો છો.

❖ ફાસ્ટેગ ના ફાયદા:

એકવાર તમારું FASTag એકાઉન્ટ સક્રિય થઈ જાય, પછી જ્યારે પણ તમારું વાહન FASTag સક્ષમ ટોલ પ્લાઝામાંથી પસાર થશે ત્યારે તમારા ખાતામાંથી યોગ્ય ટોલની રકમ આપમેળે કપાઈ જશે. સરકારે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ને નેશનલ હાઈવે નેટવર્ક પરની તમામ ટોલ લેનને FASTag લેનમાં રૂપાંતરિત કરવા સૂચના આપી છે. તેથી, FASTag આવનારા દિવસોમાં ભારતીય હાઈવે પર સર્વવ્યાપી સુવિધા બની રહેશે.

- તમારે ટોલ પ્લાઝાની નજીક પહોંચતી વખતે ધીમી થવાની કંટાળાજનક કતારમાંથી પસાર થવું પડતું નથી અને પછી ચુકવણીની લાઈન પર જવાની અને તમારા માર્ગને અટકાવવાની જરૂર નથી. જ્યારે પણ તમે ટોલ પ્લાઝા પાસેથી પસાર થશો ત્યારે આ તમારા ઈંધણ અને સમયની બચત કરશે. વધુ નાના લેવલ પર આ ટોલ પ્લાઝા પર ભીડ ઘટાડવામાં અને ટ્રાફિક જામને હળવી કરવામાં મદદ કરી શકે છે.
- જો તમે આખા દેશમાં લોંગ ડ્રાઈવ કરો છો, તો તમને ઘણા બધા ટોલ પ્લાઝા જોવા મળશે. દિલ્હી અને મુંબઈ વચ્ચે કાર ડ્રાઈવમાં લગભગ 21 ટોલ ગેટ છે, જ્યાં તમે રૂ.1300 થી રૂ.1400 આસપાસ ટોલ ટેક્સ ચૂકવવો પડે છે. FASTag રાખવાથી તમને સંપૂર્ણ મુશ્કેલી–મુક્ત ડ્રાઈવિંગનો અનુભવ મળી શકે છે, કારણ કે તમારું ટેગ તમારી ટોલ ચૂકવણીની ફરજોનું ધ્યાન રાખે છે. તેનો અર્થ એ પણ છે કે તમારે ટોલ ચૂકવણી માટે રોકડ અથવા ફેરફાર કરવાની જરૂર નથી.
- FASTag સાથે, તમારા ટોલ ખર્ચ પર નજર રાખવી વધુ સરળ છે. FASTag ગ્રાહકોને જ્યારે પણ વ્યવહારો માટે ટેગ એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેઓ તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ પર SMS અને ઈમેલ એલર્ટ મેળવે છે. આ ઉપરાંત, FASTag વપરાશકર્તાઓ માટે એક સમર્પિત વેબ પોર્ટલ છે, જેના દ્વારા તેઓ તેમના ટેગ એકાઉન્ટ સ્ટેટમેન્ટને ઍક્સેસ કરી શકે છે.
- FASTag રાખવાથી રોડ સહાયતા અને અકસ્માત મૃત્યુ કવર જેવા વધારાના લાભો પણ મળે છે. આ સુવિધાઓ ફ્લીટ ઓપરેટરો માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે જેમની પાસે ઘણા ડ્રાઈવરો અને વાહનો હાઈવે પર ચાલે છે.
- FASTag પર્યાવરણ માટે પણ સારું છે કારણ કે તે પેપરવર્ક ઘટાડે છે અને ઈંધણની બચત કરે છે, જે બંને ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમની ઈકો–ફ્રેન્ડલી સુવિધાઓ છે.
- તમે તમારા વર્તમાન માસિક અને સ્થાનિક પાસને સરળતાથી FASTag પાસમાં કન્વર્ટ કરી શકો છો. કોર્પોરેટ માલિકો રૂપાંતરણ માટે ઓનલાઈન અરજી કરી શકે છે અને રૂપાંતર માટે સમય અને મેન્યુઅલ પ્રયાસ બંને બચાવી શકે છે.

**ભારત સરકાર દ્વારા ટેકનોલોજી બાબતમાં એક નવીન કદમ :**

❖ **FASTag ને બદલીને નવું સેટેલાઇટ–આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ**

ભારત સરકારે દેશના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અવરજવર કરતા વાહનો પાસેથી ટોલ વસૂલવા માટે નવી સિસ્ટમ પર કામ કરવાનું શરૂ કર્યું છે. હાલમાં, RFID-આધારિત FASTag સિસ્ટમનો ઉપયોગ કરીને ટોલ વસૂલવામાં આવે છે જ્યાં પ્રવાસીઓ પાસેથી

**ચોક્કસ નિશ્ચિત રકમ વસૂલવામાં આવે છે. વર્તમાન દરો એક ટોલ કલેક્શન પોઈન્ટ અને બીજા વચ્ચેના અંતરને આધારે સેટ કરવામાં આવે છે.**

### ❖ ફાસ્ટેગ એપ્લિકેશન પ્રક્રિયા

**તમે નીચેની રીતોનો ઉપયોગ કરીને FASTag માટે અરજી કરી શકો છો.**

- **ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન દ્વારા**

✓ તમારા FASTag માટે કોઈપણ ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન જેમ કે digital પેમેન્ટ્સ બેંક પર અરજી કરો.
✓ વિનંતી મુજબ, પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો અપલોડ કરો.
✓ તમારા FASTag માટે ચુકવણી કરો.
✓ તમારો FASTag થોડા દિવસોમાં તમારા રજિસ્ટર્ડ સરનામે પહોંચાડવામાં આવશે.

**❖ બેંકો દ્વારા**

✓ FASTag સુવિધા આપતી કોઈપણ બેંકની મુલાકાત લો અને FASTag અરજી ફોર્મ ભરો.
✓ વિનંતી મુજબ, સંબંધિત અધિકારીને ફોર્મ સાથે જરૂરી દસ્તાવેજો સબમિટ કરો.
✓ તમારા FASTag માટે ચુકવણી કરો.
✓ તમારો FASTag થોડા દિવસોમાં તમારા રજિસ્ટર્ડ સરનામે પહોંચાડવામાં આવશે.

**❖ ટોલ બૂથ દ્વારા**

✓ વિવિધ ટોલ પ્લાઝા પર સ્થિત કોઈપણ POS (પોઈન્ટ ઓફ સેલ) ટર્મિનલની મુલાકાત લો.
✓ જ્યારે તમે તમારી FASTag એપ્લિકેશનની ચકાસણી માટે POS ની મુલાકાત લો ત્યારે તમામ જરૂરી દસ્તાવેજો અને તેમની મૂળ નકલો સાથે રાખવાનું યાદ રાખો.
✓ પછી જારી કરનાર એજન્સી તમારી અરજી સ્વીકારતા પહેલા તમારા તમામ દસ્તાવેજોની નજીકથી ચકાસણી કરશે.
✓ FASTag માટે તમારા વાહનની નોંધણી પછી, સંબંધિત જારી કરતી એજન્સીના પ્રતિનિધિ તમારા વાહનની વિન્ડશિલ્ડ પર FASTagને ઠીક કરશે.

**❖ પસંદગીની દુકાનો પર (બેંકિંગ સંવાદદાતા નેટવર્ક )**

✓ Paytm એ તેના વપરાશકર્તાઓ માટે FASTag ખરીદવા માટે પસંદગીના સ્ટોર્સ સાથે જોડાણ કર્યું છે. તમારે ફક્ત આ પગલાંને અનુસરવાનું છે.
✓ તમારા મોબાઈલ ઉપકરણ પર payment  એપ્લિકેશન ખોલો
✓ હોમ પેજ પર 'સર્ચ' આઇકનમાંથી, 'FASTag' શોધો અને 'Enter' દબાવો.
✓ 'My FASTag' વિભાગ હેઠળ, 'Buy from Nearby Store' પર ક્લિક કરો.
✓ હવે, તમારા ઉપકરણને તમારું સ્થાન ઍક્સેસ કરવાની મંજૂરી આપો.
✓ પછી તમે બધા નજીકના સ્ટોર્સની યાદી જોઈ શકશો (તેમની કૉલિંગ વિગતો અને અંતર સહિત) જે Digital FASTag ખરીદવાની મંજૂરી આપે છે.
✓ તમારે ફક્ત તમારા નજીકના સ્ટોરને કૉલ કરવાની અને તમારું Digital FASTag મેળવવા માટે મુલાકાત લેવાની જરૂર છે.

### ❖ FASTag એપ્લિકેશન માટે જરૂરી દસ્તાવેજો

**FASTag માટે અરજી કરવા માટે, તમારે ફક્ત તમારા વાહનની RC (નોંધણી પ્રમાણપત્ર) સબમિટ કરવાની જરૂર છે અને જો તમે મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન્સ પર KYC ચકાસાયેલ હોવ તો બીજું કંઈ નહીં. જો કે, જો તમે કેવાયસી ચકાસાયેલ નથી, અને પ્રથમ વખત FASTag માટે અરજી કરી રહ્યા છો, તો તમારે નીચેના દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર છે.**

- **નોંધણી પ્રમાણપત્ર (RC)**
- **તમારા વાહનના કેવાયસી દસ્તાવેજો**
- **પાન કાર્ડ**
- **ઓળખ અને સરનામાનો પુરાવો (નીચેમાંથી કોઈપણ એક)**
- **ચાલકનું પ્રમાણપત્ર**
- **માન્ય પાસપોર્ટ (તેના ફ્રન્ટ પેજનો ફોટો અને એડ્રેસ પેજ)**
- **મતદાર આઈડી કાર્ડ**
- **આધાર કાર્ડ (સરનામા સહિત)**

### ❖ FASTag વ્યવહારો માટે તમારા Digital વૉલેટનો ઉપયોગ કરો.

**દરેક FASTag પ્રીપેડ એકાઉન્ટ સાથે જોડાયેલ છે, જેમ કે Digital Wallet. જ્યારે તમે Digital FASTag ખરીદો છો, ત્યારે તે આપમેળે તમારા Digital વૉલેટ સાથે લિંક થઈ જાય છે. આમ, તમારે તમારા FASTag ને સમયાંતરે રિચાર્જ કરવાની ઝંઝટનો સામનો કરવો પડશે નહીં.Digital વૉલેટનો ઉપયોગ કરવા માટે, જ્યારે તમે ટોલ બૂથ પાર કરશો ત્યારે તમારા Digital વૉલેટમાંથી ટોલ ટેક્સની રકમ સીધી જ કપાઈ જશે.**

**વધુમાં, જ્યારે તમે Digital FASTag ખરીદો છો, ત્યારે તે આપમેળે તમારા Digital વૉલેટ સાથે લિંક થઈ જાય છે. તમારે તમારા Digital FASTagનો ઉપયોગ સક્રિય/શરૂ કરવા માટે કોઈ વધારાના પગલાં લેવાની જરૂર નથી.**

**તમારા FASTag-સંબંધિત વ્યવહારો માટે Digital વૉલેટનો ઉપયોગ કરવો તમારા માટે સરળ બનાવશે કારણ કે તમારે તમારા FASTagને વારંવાર રિચાર્જ કરવાની જરૂર રહેશે નહીં. તમારે ફક્ત તમારા digital વૉલેટમાં ન્યૂનતમ બેલેન્સની જરૂર છે અને જ્યારે તમે ટોલ પ્લાઝા પાર કરશો ત્યારે ટોલ ટેક્સની રકમ સીધી તમારા વૉલેટમાંથી કાપવામાં આવશે.**

### ❖ FASTag બેલેન્સ ચેક કરવા નીચેની રીત ફોલો કરો.

**પદ્ધતિ 1: NHAI પ્રીપેડ વૉલેટ દ્વારા તપાસો...**

સ્ટેપ 1- સૌ પ્રથમ તમારા ફોનમાં પ્લે સ્ટોર અથવા એપ સ્ટોર પર જાઓ.

સ્ટેપ 2-હવે એન્ડ્રોઈડ અથવા આઈફોન પર My FASTag એપ ડાઉનલોડ કરો.

પગલું 3-હવે તમારી લોગિન વિગતો દાખલ કરો.

સ્ટેપ 4- અહીં તમે તમારું બેલેન્સ જોઈ શકશો.

**પદ્ધતિ 2: મિસ્ડ કોલ દ્વારા FASTag બેલેન્સ કેવી રીતે તપાસવું...**

NHAI FASTag બેલેન્સ ચેક કરવા માટે એક નંબર આપે છે, જેનો ઉપયોગ FASTag બેલેન્સ ચેક કરવા માટે કરી શકાય છે.

જો તમે તમારા NHAI પ્રીપેડ વૉલેટને તમારા મોબાઈલ નંબર સાથે લિંક કર્યું હોય તો તમે NHAI દ્વારા બેલેન્સ ચેક કરી શકો છો.

સ્ટેપ 1- આ માટે તમારે પહેલા +91 8884333331 પર મિસ્ડ કોલ આપવો પડશે.

સ્ટેપ 2- આમાં તમારા નંબર પર SMS આવશે અને તે SMSમાં તમારું Fastag બેલેન્સ દેખાશે.

**પદ્ધતિ 3: SMS દ્વારા FASTag બેલેન્સ તપાસો**

તમારું ફાસ્ટેગ એકાઉન્ટ તમારા મોબાઈલ નંબર સાથે લિંક થઈ જશે, જેના દ્વારા તમને ટ્રાન્ઝેક્શન વિશેની તમામ માહિતી મળશે.

મોબાઈલ નંબર જે તમારા ફાસ્ટેગ એકાઉન્ટ સાથે લિંક થશે. તે નંબર પર મોકલવામાં આવેલ એસએમએસ એલર્ટ દ્વારા, તમારા ફાસ્ટેગ એકાઉન્ટ બેલેન્સ, રિચાર્જ કન્ફર્મેશન, ટોલ પેમેન્ટ કપાત અને બેલેન્સની માહિતી પ્રાપ્ત થશે.

# (5)અન્ય વધારાની માહિતી

## ➢ HSRP (High Security Registration Plate)

**HSRP નંબર પ્લેટ લેવા કે લગાવવા માટેના ચાર્જ**

1. The rates for affixation of High Security Registration Plates inclusive of all taxes and snap lock:

| | 2 WHEELERS Scooters, Motor Cycles, Mopeds | 3 WHEELERS (Passenger & Goods) and invalid Carriages | Light Motor Vehicles/ Passenger Cars | Medium Transport/Commercial Vehicles/ Heavy Transport/Commercial Vehicles/Trailer Combination |
|---|---|---|---|---|
| Price Chargeable from Vehicle Owner(Rs) | 160 | 200 | 460 | 480 |

2. The Rates for replacing a plate which damaged due to accident or otherwise and is required to be replaced.

| | Registration Plate size 500 mm X 120 mm | Registration Plate size 340 mm X 200 mm | Registration Plate size 200 mm X 100 mm | Registration Plate size 285 mm X 45 mm | 3rd registration plate sticker | Snap lock (Complete set) |
|---|---|---|---|---|---|---|
| | Piece | Piece | Piece | Piece | Piece | |
| Price Chargeable from Vehicle Owner(Rs) | 220 | 230 | 80 | 70 | 40 | 40 |

The above rates are the subject to change as per the changes in applicable taxes and as per the terms of the agreement.

By order and in the name of the Governor of Gujarat.


(R. V. Bhatt)
Deputy Secretary
Port and Transport Department



## ❖ ભારતની લાઈસન્સ પ્લેટ




## ❖ HSRP નંબર પ્લેટનો નમુનો:




ભારતમાં બધાંજ સ્વચાલિત વાહનોને લાઈસન્સ પ્લેટ લગાવાય છે. આ લાઈસન્સ પ્લેટ (નંબર પ્લેટ પણ કહેવાય છે) નંબર દરેક રાજ્યની "ક્ષેત્રિય વાહનવ્યવહાર કચેરી" (RTO) દ્વારા આપવામાં આવે છે. જે માર્ગ પરિવહનની મુખ્ય સત્તા છે. લાઈસન્સ પ્લેટ વાહનની આગળ અને પાછળનાં ભાગમાં લગાવાય છે. કાયદા પ્રમાણે, દરેક નંબર પ્લેટ રોમન મુળાક્ષરો સાથે આધુનિક અરેબિક આંકડાઓમાં લખાયેલ હોવી જોઈએ. જોકે ઘણા રાજ્યોમાં આનો ભંગ કરી અને સ્થાનિક ભાષામાં પણ લખાય છે. અન્ય માર્ગદર્શિકા પ્રમાણે, આ પ્લેટ રાત્રીના સમયે પણ દેખાય તે માટે પ્રકાશિત રહે તેમ અને અન્ય કશા જ લખાણ વિહીન હોવી જોઈએ.

**અંગત મોટરવાહન અને દ્વિચક્રી વાહન (મોટર સાઇકલ, સ્કુટર) માં સફેદ રંગની પ્લેટ પર કાળા રંગથી અક્ષરો લખાયેલા હોવા જોઇએ (ઉદા: KA 01 EK 171). વ્યવસાયિક વાહનો જેમકે ટેક્ષી, ટ્રક, બસ વગેરેમાં પીળા રંગની પ્લેટ પર કાળા રંગથી અક્ષરો લખાયેલ હોવા જોઈએ (ઉદા: DL 2C 6011). વિદેશી દુતાવાસોનાં વાહનો પર આછા ભુરા રંગની પ્લેટ પર સફેદ રંગના અક્ષરો હોવા જોઈએ (ઉદા: 11 CD 21).** ભારતના રાષ્ટ્રપતિ અને રાજ્યોના રાજ્યપાલ નું અધિકૃત વાહન નંબર પ્લેટથી મુક્ત હોય છે. તેને બદલે તેમનાં વાહન પર લાલ રંગની પ્લેટ પર સોનેરી રંગનું ભારતનું રાષ્ટ્રચિહ્ન ઉપસાવેલું હોય છે.

## ❖ બંધારણ:

નંબર પ્લેટનું બંધારણ નીચે પ્રમાણે હોય છે.

AA 11 BB 1111

જેમાં AA એ બે અક્ષરોનો રાજ્યકોડ છે; 11 એ બે આંકડાઓનો જિલ્લાકોડ છે; 1111 એ અદ્વિતિય નંબર અને BB એ જરૂર પડ્યે અપાતી શ્રેણી છે,જો નંબર સંખ્યા 9999 સુધી વપરાય જાય તો ફરીથી AA,AB વગેરે શ્રેણીઓ સાથે નંબર આપવા માટે.ઉદાહરણ તરીકે:

GJ 11 CA 1002

પ્રથમ બે અક્ષરો GJ દર્શાવે છેકે વાહન ગુજરાત રાજ્યનું છે. ત્યાર બાદનાં બે આંકડા જિલ્લો (જેમકે અહીં જુનાગઢ જિલ્લો દર્શાવે છે. અને CA 1002 એ વાહનનો અદ્વિતિય (unique) લાઈસન્સ પ્લેટ નંબર દર્શાવે છે. ઘણા રાજ્યોમાં (જેમકે દિલ્હી) જિલ્લાકોડમાં આગળનું ૦ દર્શાવાતું નથી, જેમકે DL 2 નહીંકે DL 02.

દેશની રાજધાની દિલ્હીમાં નંબર પ્લેટ પર એક વધારાનો કોડ હોય છે.

DL 11 C AA 1111

જ્યાં વધારાનો કોડ વાહનનો પ્રકાર દર્શાવે છે. 'S' દ્વિચક્રી વાહન માટે,'C' મોટરકાર કે નાના યુટિલિટી વાહન માટે,'P' જાહેર યાત્રી વાહનો જેવાંકે બસ વિગેરે માટે,'R' ત્રિ પહીયા

વાહનો જેવાકે રીક્ષા વિગેરે માટે,'T' પ્રવાસી વાહનો અને ટેક્ષી માટે,'V' વાન અને ટ્રક્સ માટે અને 'Y' ભાડાનાં વાહનો માટે વપરાય છે. ઉદાહરણ: DL 5 S AB 9876

❖ **રાજ્યો**

### ભારતનાં રાજ્યો અને બે અક્ષરોનાં કોડ

બધાજ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમનો પોતાનો બે અક્ષરનો કોડ છે. આ કોડ ૧૯૮૦ થી અમલમાં આવેલ છે. આ પહેલાં દરેક જિલ્લા અને પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરીને પોતાનો, રાજ્યનાં ઉલ્લેખ વગરનો, ત્રણ આંકડાનો કોડ હતો. જે ઘણોજ ભ્રમિત કરે તેવો હતો. ઉદાહરણ તરીકે, MMC 8259 જે દેશમાં ગમે ત્યાં બંધબેસતો થઇ શકે. આ અસ્પષ્ટતા ટાળવા માટે નવા પ્રકારની નંબર પ્લેટ અમલમાં મુકાઇ.

નવા બનેલા રાજ્યો ઉત્તરાખંડ, છત્તીસગઢ અને ઝારખંડને તેમનાં નવા બે અક્ષરનાં કોડ આપવામાં આવ્યા, પરંતુ તેનાં જુના વાહનો જે મુળ રાજ્યનાં કોડ ધરાવે છે, તે પણ હજુ માન્ય ગણાય છે. ૨૦૦૭ માં ઉત્તરાંચલ રાજ્યનું નામ બદલી ઉત્તરાખંડ કરાયું, આથી તેમનો રાજ્યકોડ UA માંથી બદલી અને UK થયેલ છે.

દરેક રાજ્યોનાં બે અક્ષરનાં કોડની યાદી અહીં સંગ્રહિત ૨૦૦૬–૧૦–૨૨ ના રોજ વેબેક મશિન જોવા મળી શકશે.

- **હાલનાં કોડ**

બે અક્ષરોનાં કોડ અને રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની યાદી નીચે આપેલ છે:

| **કોડ** | **રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ** | **કોડ** | **રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ** |
|---|---|---|---|
| AN | અંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ | LD | લક્ષદ્વીપ |
| AP | આંધ્ર પ્રદેશ | MH | મહારાષ્ટ્ર |
| AR | અરુણાચલ પ્રદેશ | ML | મેઘાલય |
| AS | આસામ | MN | મણિપુર |
| BR | બિહાર | MP | મધ્ય પ્રદેશ |
| CG | છત્તીસગઢ | MZ | મિઝોરમ |
| CH | ચંડીગઢ | NL | નાગાલેંડ |
| DD | દમણ અને દીવ | OD | ઓરિસ્સા |
| DL | દિલ્હી | PB | પંજાબ |
| DN | દાદરા અને નગરહવેલી | PY | પોંડિચેરી |
| GA | ગોઆ | RJ | રાજસ્થાન |
| GJ | ગુજરાત | SK | સિક્કિમ |
| HR | હરિયાણા | TN | તામિલ નાડુ |
| HP | હિમાચલ પ્રદેશ | TR | ત્રિપુરા |
| JH | ઝારખંડ | TS | તેલંગાણા |
| JK | જમ્મુ અને કાશ્મીર | UK | ઉત્તરાખંડ |
| KA | કર્ણાટક | UP | ઉત્તર પ્રદેશ |
| KL | કેરળ | WB | પશ્ચિમ બંગાળ |

- **જૂનાં કોડ**

આ કોડ હવે ચલણમાં નથી:

| કોડ | રાજ્ય |
|---|---|
| OR | ઓરિસ્સા |
| UA | ઉત્તરાખંડ |

- **જિલ્લાઓ**

દરેક રાજ્યને બે અથવા વધુ જિલ્લાઓ છે,અને વાહનનીં નોંધણી કરવાની જવાબદારી જિલ્લાઓમાં સોંપાયેલ છે. વાહનધારક જે જિલ્લામાં વસવાટ કરતા હોય ત્યાં તેની નોંધણી કરાવવાની હોય છે. ઘણા રાજ્યોમાં વાહનધારક નું વસવાટ સ્થળ અન્ય જિલ્લામાં ફરે તો ત્યાં નોંધણી કરાવી અને નંબર પ્લેટ પણ ફેરવવાની હોય છે.

રાજ્યમાં જેટલા જિલ્લા હોય તેટલાજ ક્રમ નંબર પ્લેટને આપેલ હોય તેવું જરૂરી નથી. ઘણા મોટા શહેરોને વહિવટી સુગમતા માટે બે કે વધુ વિભાગોમાં વહેંચેલ હોય છે અને દરેક વિભાગ એક RTO દ્વારા સંચાલીત થાય છે. દા.ત. મુંબઇનો પરા વિસ્તાર બે ભાગમાં વહેંચી અને MH-02 અને MH-03 એમ બે કોડ ધરાવે છે. 01 કોડ મોટાભાગે રાજ્યનાં પાટનગરને અપાય છે, પરંતુ દરેક રાજ્ય માટે આવો કોઇ સખત નિયમ નથી (ઉદા:ગુજરાતનું પાટનગર ગાંધીનગર 18 કોડ ધરાવે છે.)

પશ્ચિમ બંગાળ જેવા કેટલાક રાજ્યોનાં દરેક RTO બે સંખ્યા ધરાવે છે, એક વ્યવસાઇક વાહનો માટે અને એક વ્યક્તિગત વાહનો માટે.જેમકે કલિમપોંગ જિલ્લો WB-79 પ્લેટ

વ્યક્તિગત અને WB-78 વ્યવસાઈક કે જાહેર વાહનો માટે ધરાવે છે.

આજ રીતે અમુક નવા બનેલા રાજ્યોમાં પણ બે રાજ્ય કોડ વપરાય છે,એક જુના મુળ રાજ્યનો અને એક નવો દા.ત. રાયપુર જિલ્લો MP 23 અને CG 04 એમ બે કોડ વાપરે છે.

## અદ્વિતિય આંકડાઓ (unique numbers)

લાઈસન્સ પ્લેટનાં છેલ્લા ચાર આંકડાઓ દરેક વાહન માટેનો અદ્વિતિય (યુનિક) આંકડો હોય છે. મોટાભાગે ૧૦૦ થી નીચેનાં આંકડાઓ સરકારી વાહનો માટે રખાય છે, જો કે દરેક વખતે એવું જરૂરી નથી. અમુક ખાસ કે શુભ મનાતા આંકડાઓ, જેવાકે 3333 કે 9999 વિગેરેની જાહેર હરાજી મારફત વધારાની રકમ લઈ અને ફાળવણી કરાય છે. આ રકમ ક્યારેક રૂપિયા ૧૦,૦૦૦ કરતાં પણ વધુ હોય છે.

## અદ્વિતિય અક્ષરો (Unique alphabets)

જ્યારે તમામ 9999 આંકડાઓ વપરાઈ જાય ત્યારે, RTO નવી શ્રેણી શરૂ કરે છે અને અક્ષર A આંકડાઓની આગળ ઉમેરે છે. કેટલાક રાજ્યોમાં વાહનની બનાવટની માહિતી માટે બે અક્ષરોની શ્રેણી બનાવવામાં આવેલ છે. ઉદા: મુંબઈમાં, MH-01 AA એ દ્વિચક્રી વાહન; MH-01 CA મોટર કાર તથા MH-01 J **** અને MH-01 X **** ટેક્ષી કાર દર્શાવે છે.

- **આ મુળાક્ષરો ક્યાંક વધુ મોટા જિલ્લાનાં પેટા વિભાગો પણ દર્શાવે છે.**

ગુજરાતનું ઉદાહરણ લઈએ તો, મુળાક્ષર G સરકારી (રાજ્ય અને કેન્દ્ર બન્ને) વાહનો માટે અનામત રખાયેલ છે. દા.ત. GJ 11 G 3333 નો અર્થ થાય કે આ સરકારી વાહન ગુજરાતનાં જુનાગઢ જિલ્લામાં નોંધાયેલું છે. આજ રીતે સરકારી, અર્ધ સરકારી જાહેર પરિવહન સેવાની બસની નોંધણી માટે, અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ મુળાક્ષર અનામત રખાય છે.

ઘણાં રાજ્યોમાં છેલ્લા ચાર આંકડાઓની ફાળવણીમાં ઉપલબ્ધ આંકડાઓમાંથી પસંદગીનો અવકાશ અપાય છે, આ માટે વધારાની રકમ (જેમકે ગુજરાતમાં રૂપિયા ૫૦૦) લેવામાં આવે છે.

મધ્ય પ્રદેશમાં MP 01 -પ્રધાનો અને રાજકારણીઓને, MP 02 -સરકારી અમલદારોને, MP 03 -પોલીસને અને ત્યાર બાદની શ્રેણીઓ દરેક જિલ્લાને અપાય છે.

- **લશ્કરી વાહનો**

લશ્કરી વાહનો માટે અન્ય નંબર પ્લેટો કરતાં અલગ એવી લાઈસન્સ પ્લેટની પધ્ધતી છે. તેની નંબરની નોંધણી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા કરાય છે. તેનાં પહેલા કે ત્રિજા મુળાક્ષર હંમેશા ઉપરની તરફ તકાતું તીરનું ચિહ્ન ધરાવે છે. તેનાં પ્રથમ બે આંકડાઓ, આ વાહન લશ્કર દ્વારા કયા વર્ષમાં લેવાયું તે દર્શાવે છે.

- **રાજદ્વારી વાહનો**

વિદેશી મિશનો સાથે સંકળાયેલ વાહનોની નંબર પ્લેટ CD કે CC મુળાક્ષર ધરાવે છે, જેનો અર્થ Diplomatic Corps કે Consular Corps એવો થાય છે. ઉદા: ભારતમાં રાજદ્વારી પ્લેટ 77 CD xxxx દર્શાવે છે કે આ વાહન 77 નંબરનાં (અહીં અમેરિકા) દેશનાં મિશન સાથે સંબધકર્તાની માલિકીનું છે. આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર આવી નંબર પ્લેટ ધરાવતા વાહનોને અમુક રાજદ્વારી છુટછાટ (en:diplomatic immunity) ભોગવવા મળે છે.

- **કામચલાઉ નંબરો**

વાહન ખરીદવામાં આવે કે તુરંતજ, વાહનનાં વિક્રેતા TR (To Register) નંબર તરીકે ઓળખાતા કામચલાવ નંબર લાઈસન્સ પ્લેટ પર લગાવી આપે છે. આ નંબર એક માસ સુધી ઉપયુક્ત ગણાય છે, તે દરમિયાન વાહન માલિકે પોતાના વિસ્તારનાં RTO માં વાહનની નોંધણી કરાવી અને કાયમી લાઈસન્સ પ્લેટ નંબર લેવા જરૂરી હોય છે. તામિલ નાડુ જેવા અમુક રાજ્યોમાં આ કામચલાવ નંબર પ્લેટ વાળા વાહનને પણ રસ્તા પર લાવવાનું ગેરકાનુની ગણાય છે. ત્યાં કાયમી નંબર મળ્યા પછીજ વાહન વિક્રેતા વાહનનો કબ્જો ખરીદનારને સોંપે છે. વાહનની નોધણી કરાવતી વખતે RTO ઇન્સપેક્ટર વાહનની તેમજ અરજદારનાં રહેઠાણ પુરાવા તથા અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરે છે, તે ઉપરાંત વાહનનાં એન્જીન નંબર તથા ચેસીસ નંબરની પણ ખરાઈ કરે છે. ત્યાર બાદ વાહનને કાયમી નોંધણી પ્રમાણપત્ર અપાય છે, જે ૨૦ વર્ષ સુધી પ્રમાણીત ગણાય છે. આ વાહન નોંધણી પ્રમાણપત્ર (RTO Book) ઉપરાંત પ્રદુસણ બાબતેનું પ્રમાણપત્ર (Pollution Under

Control Certificate (PUC)), વિમાનું પ્રમાણપત્ર અને વાહનચાલક માટેનું પ્રમાણપત્ર (Driver's License) આટલા દસ્તાવેજો વ્યક્તિગત વાહનચાલન માટે ખાસ જરૂરી ગણાય છે. વ્યવસાયિક વાહન માટે તે ઉપરાંતનાં જરૂરી દસ્તાવેજો પણ હોય છે.

- **ઐતિહાસિક નંબરો**

૧૯૮૦ સુધી, ભારતની લાઇસન્સ પ્લેટ નીચે પ્રમાણેનું બંધારણ ધરાવતી હતી.

GAA 1111

જેમાં પ્રથમ મુળાક્ષર રાજ્યનો કોડ દર્શાવે છે. હજુ પણ ઘણાં જુના વાહનો પર આ પ્રકારની નંબર પ્લેટ જોવા મળે છે.

૨૦૦૦ ની શરૂઆતમાં નંબર પ્લેટની રંગ વ્યવસ્થા બદલવામાં આવેલ, જે મુજબ વ્યક્તિગત વાહનો પર કાળી પ્લેટ પર સફેદ અક્ષરો (GAA 1111) ને બદલે સફેદ પ્લેટ પર કાળા અક્ષરો (GAA 1111) કરવામાં આવ્યા. અને વ્યવસાઇક કે જાહેર વાહનો માટે સફેદ પ્લેટ પર કાળા અક્ષરો (GAA 1111) ને બદલે પીળા રંગની પ્લેટ પર કાળા અક્ષરો (GAA 1111) કરવામાં આવ્યા. હવે જુની રંગ વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું ગેરકાનુની ગણાય છે.

ગુજરાતની વિવિધ આર.ટી.ઓ. કચેરીઓને ફાળવેલા કોડ

| અ.નં. | આર.ટી.ઓ કચેરીનું નામ | કોડ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | GJ - 01 |
| ૨ | અમરેલી | GJ - 14 |
| ૩ | આણંદ | GJ - 23 |
| ૪ | બનાસકાંઠા | GJ - 08 |
| ૫ | ભરૂચ | GJ - 16 |
| ૬ | ભાવનગર | GJ - 04 |
| ૭ | દાહોદ | GJ - 20 |
| ૮ | બારડોલી | GJ - 19 |
| ૯ | ગાંધીનગર | GJ - 18 |
| ૧૦ | જામનગર | GJ - 10 |
| ૧૧ | જુનાગઢ | GJ - 11 |
| ૧૨ | ખેડા | GJ - 07 |
| ૧૩ | કચ્છ | GJ - 12 |
| ૧૪ | મહેસાણા | GJ - 02 |
| ૧૫ | નર્મદા | GJ - 22 |
| ૧૬ | નવસારી | GJ - 21 |
| ૧૭ | પંચમહાલ | GJ - 17 |
| ૧૮ | પાટણ | GJ - 24 |
| ૧૯ | પોરબંદર | GJ - 25 |
| ૨૦ | રાજકોટ | GJ - 03 |
| ૨૧ | સાબરકાંઠા | GJ - 09 |
| ૨૨ | સુરત | GJ - 05 |
| ૨૩ | સુરેન્દ્રનગર | GJ - 13 |
| ૨૪ | વડોદરા – ૧ | GJ - 06 |
| ૨૫ | વલસાડ | GJ - 15 |
| ૨૬ | વ્યારા | GJ - 26 |
| ૨૭ | વસ્ત્રાલ, અમદાવાદ પૂર્વ | GJ - 27 |
| ૨૮ | સુરત પૂર્વ | GJ - 28 |
| ૨૯ | વડોદરા – ૨ | GJ - 29 |
| ૩૦ | ડાંગ | GJ - 30 |
| ૩૧ | મોરબી | GJ - 36 |
| ૩૨ | ગીર સોમનાથ | GJ - 32 |
| ૩૩ | બોટાદ | GJ - 33 |
| ૩૪ | છોટાઉદેપુર | GJ - 34 |
| ૩૫ | લુણાવાડા | GJ - 35 |
| ૩૬ | ખંભાળિયા | GJ - 37 |
| ૩૭ | બાવળા | GJ - 38 |
| ૩૮ | મોડાસા | GJ - 31 |

Source: Wikipedia

# PUC (POLLUTION UNDER CONTROL)

Form 59

[See rules 115 (2)]

**Pollution Under Control Certificate**
Authorised By :
Gujarat Motor Vehicle Department

| | | |
|---|---|---|
| **Date** | : | **07/06/2023** |
| **Time** | : | **09:05:12 AM** |
| **Validity upto** | : | **06/06/2024** |

| | | |
|---|---|---|
| Certificate SL. No. | : | GJ01800350027139 |
| Registration No. | : | GJ02CG8196 |
| Date of Registration | : | 31/May/2017 |
| Month & Year of Manufacturing | : | March-2017 |
| Valid Mobile Number | : | ******6156 |
| Emission Norms | : | BHARAT STAGE IV |
| Fuel | : | PETROL/CNG |
| PUC Code | : | GJ0180035 |
| GSTIN | : | |
| Fees | : | Rs.80.0 |
| MIL observation | : | No |

Vehicle Photo with Registration plate
60 mm x 30 mm




| Sr. No. | Pollutant (as applicable) | Units (as applicable) | Emission limits | Measured Value (upto 2 decimal places) |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| Idling Emissions | Carbon Monoxide (CO) | percentage (%) | 0.3 | 0.04 |
| | Hydrocarbon, (THC/HC) | ppm | 200.0 | 191.0 |
| High idling emissions | CO | percentage (%) | 0.0 | 0.0 |
| | RPM | RPM | 2500 ± 200 | 0.0 |
| | Lambda | - | 1 ± 0.03 | 0.0 |
| Smoke Density | Light absorption coefficient | 1/metre | | |

This PUC certificate is system generated through the national register of motor vehicles and does not require any signature.

Note : 1. Vehicle owners to link their mobile numbers to registered vehicle by logging to https://vahan.parivahan.gov.in

Authorised Signature with stamp of PUC operator
60mm x 20 mm

PUC સર્ટીફીકેટનો નમૂનો

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા

# પ્રસ્તાવના:

ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થતો જાય છે જેના લીધે પ્રદૂષણ અને તેની આડઅસરો પણ વધતી જાય છે.આ માટે વાહનોના ધુમાડાનું પ્રમાણ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી થાય તે જરૂરી છે જેના માપદંડ જાણવા માટે વાહનોનું PUC સર્ટિફિકેટ કરાવવું પડે છે જેનાથી માલૂમ પડે કે તમે વાપરતા વાહનથી થતા પ્રદૂષણની માત્રા કેટલી છે ?વધુ હોય તો શું કરવું ?PUC સર્ટિફિકેટ કઈ રીતે કઢાવવું અને વાહન ચલાવતી વેળા આ પ્રમાણપત્ર ના હોય તો કેટલા રૂપિયા દંડ ભરવો પડશે?વગેરે પ્રશ્નોના જવાબ આ વિભાગમાં મેળવીશું.

❖ **કેવી રીતે કરવામાં આવે છે પોલ્યુશન ટેસ્ટ?**

❖ જે તે સેન્ટર પર પોલ્યુશન ટેસ્ટ કરવા માટે ગેસ એનાલાઈઝર હોય છે.આ એનાલાઈઝર કોમ્પ્યુટર સાથે જોડાયેલ હોય છે.જેમાં કેમેરા અને પ્રિન્ટર જોડાયેલા હોય છે.પરીક્ષણ કરવા માટે વાહનના સાયલેન્સરમાં ગેસ એનાલાઈઝર મૂકવામાં આવે છે.જ્યાં સુધી કોમ્પ્યુટરમાં ડેટા અપડેટ ન થાય ત્યાં સુધી વાહન ચાલુ રાખવામાં આવે છે.આ દરમિયાન કેમેરા દ્વારા વાહનની નંબર પ્લેટનો ફોટો લેવામાં આવે છે,ત્યારબાદ જો નિયત માપદંડ પર વાહનમાંથી પ્રદુષણ નીકળે છે,તો PUC સર્ટીફીકેટ આપવામાં આવે છે. પેટ્રોલથી ચાલતા વાહનો માત્ર એક્સીલેટર પ્રેશર વગર એક જ વારમાં રીડીંગ લેવામાં આવે છે અને ડીઝલથી ચાલતા વાહનો માટે એક્સીલેટરને સંપૂર્ણ રીતે દબાવીને રીડીંગ લેવામાં આવે છે.આવું લગભગ 5 વાર કરવામાં આવે છે અને પછી વાહનમાંથી નીકળતા ધુમાડાની એવરેજ કાઢીને રીડીંગ લેવામાં આવે છે.

❖ **પોલ્યુશન સર્ટીફિકેટ ન હોય તો કેટલો દંડ થાય?**

❖ પીયુસી સર્ટીફીકેટ ન હોય તેવા વાહનો સામે મોટર વાહન અધિનિયમની કલમ 190(2) અંતર્ગત કાર્યવાહી થશે. પેનલ્ટી રૂ 1000/- પ્રથમવારના ગુના માટે અને ત્યાર બાદ રૂ 2000/- નિયમ તોડવાના પ્રત્યેક બનાવદીઠ ભરવાના રહેશે.

❖ **મારા વાહનમાં પ્રદુષણની માત્રની ચકાસણી હું ક્યા સ્થળે કરાવી શકું?**

❖ પ્રદુષણની માત્ર ચકાસણી કમ્પ્યુટરાઈઝ્ડ સુવિધા અને પીયુસી સર્ટીફીકેટ(વાહનોના ઉત્સર્જનનું ધોરણ) ઘણા પેટ્રોલપંપ કે વર્કશોપ ઉપરથી મળી શકે છે. આ અધિકૃત પોલ્યુશન ચેકીંગ સેન્ટરો ગુજરાતમાં સમગ્ર સ્થાને આવેલાં છે. હાલમાં 410 પેટ્રોલ/સીએનજીથી ચાલતા વાહનો માટે અને ડિઝલ વાહનો માટે 231 કેન્દ્રો કાર્યરત છે. આ કેન્દ્રો જો વાહનો ઉત્સર્જન નિયમનું પાલન કરતાં હોય તો પોલ્યુશન અંડર કન્ટ્રોલ સર્ટીફીકેટ(પીયુસી) આપે છે. જો વાહનો નિયમભંગ કરતાં હોય તો વાહનોની જરૂરી મરામત કરવાની જરૂરીયાત રહે છે.

❖ **પ્રદુષણ ચકાસણીની ફી શું છે ?**

| ક્રમ | વાહનનો વર્ગ | ફી (રૂપિયા) |
|---|---|---|
| ૧ | ટુ વ્હીલર – મોપેડ સહીત | ૩૦ |
| ૨ | થ્રી વ્હીલર (સી.એન.જી/એલ.પી.જી/પેટ્રોલ/ડીઝલ) | ૬૦ |
| ૩ | લાઈટ મોટર વાહન (સી.એન.જી/એલ.પી.જી/પેટ્રોલ) | ૮૦ |
| ૪ | લાઈટ મોટર વાહન (ડીઝલ), તમામ મીડીયમ અને હેવી મોટર વાહનો( ડીઝલ/સી.એન.જી) | ૧૦૦ |

❖ **મારી પાસે માન્ય પીયુસી સર્ટીફીકેટ હોવા છતાં મારું વાહન વધુ પ્રદુષણ ફેલાવતું હોવાનું પ્રથમ દષ્ટીએ જણાય તો શું કરવું?**

❖ તમારા વાહનનું પીયુસી સર્ટીફીકેટ રદ થશે અને તમને(સીએમવી રૂલ્સ 116) અંતર્ગત નવું પીયુસી સર્ટીફીકેટ સાત દિવસમાં કઢાવવાનું કહેવામાં આવશે. જેનો અમલ કરવામાં નિષ્ફળ જવાથી મોટર વાહન અધિનિયમની કલમ 190(2) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે.

❖ **વાહનને પીયુસી સર્ટીફીકેટની ક્યારે જરૂર પડે?**

❖ નવા વાહન માટે 1 વર્ષ પછી બીએસ III માટે – દરેક 6 મહિના પછી પછી બીએસ IV માટે – દરેક 1 વર્ષ પછી

❖ **વાહન યુરો–1/યુરો–2/યુરો–3/યુરો–4 માટે મારે પીયુસી સર્ટીફીકેટ લેવું જરૂરી છે.?**

❖ સેન્ટ્રલ મોટર રૂલ્સ, 1989 મુજબ પ્રત્યેક વાહન(યુરો–1/યુરો–2/યુરો–3/યુરો–4 સહિત સહિત સીએનજી અને એલપીજીના વાહનો)એ પ્રથમ નોંધણીની તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદ માન્ય પીયુસી સર્ટીફીકેટ કરવું જરૂરી છે.


### ❖ કોઇ વાહન પ્રદુષણ કરતાં હોય તો મારે શું કરવું જોઇએ ?

❖ તમારે ફરિયાદ સેલ/કન્ટ્રોલ રૂમનો ટેલિ. નં. ૦૭૯-૨૩૨૫૧૩૬૧ પર સંપર્ક કરવો જોઇએ.


### ❖ PUC સર્ટિફિકેટ કઢાવ્યા બાદ જરૂર પડ્યે ફરી સર્ટીફીકેટ મેળવવા માટેની ઓનલાઈન પ્રક્રિયા

❖ સૌ પ્રથમ નીચે આપેલ લિંક મોબાઈલ કે કોમ્પ્યુટરમાં ખોલો.નીચે મુજબનું પેજ ખુલશે.

❖ puc.parivahan.gov.in/puc/



❖ હવે આપેલ પેજમાં PUC Certificate બટન પર ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે





### ❖ વાહનમાંથી ફેલાતા પ્રદુષણથી સ્વાસ્થનને થતી આડ અસરો

- આંખોમાં બળતરા થવી.
- કાર્બન મોનોકસાઇડની માત્રા શ્વાસોશ્વાસમાં વધી જતાં માણસ બેભાન અથવા અમુક કિસ્સામાં મરણ પણ પામી શકે છે.
- હ્રદયરોગથી પીડાતા લોકોના કિસ્સામાં હિમોગ્લોબીન સાથે મળી લોહીમાં ઓકસિજનનું પરિભ્રમણ અટકાવે છે.
- વિચાર શકિતમાં અવરોધ ઉભો કરે છે.
- વાતાવરણ ધૂંધળું બનાવે છે.
- શ્વાસોશ્વાસની ક્રિયામાં એસીડીક અસર ઉભી કરે છે.
- અસ્થમાં જેવી બિમારી થઇ શકે છે.
- શરદી, તાવ અને ઉધરસ જેવી બિમારીઓથી બાળકો જલ્દીથી અસર પામે છે.
- વાતાવરણના ઉષ્ણતામાનમાં વધારો કરે છે.
- ફેફસાનું કેન્સર થઇ શકે છે.
- બાળમૃત્યુનો આંક વધી શકે છે.

### ❖ પ્રદુષણની થતી આડ અસરોથી બચવા આટલું જરૂરીથી કરો

- આપના વાહનમાં ભેળસેળ વાળું પેટ્રોલ તથા ડિઝલ ના વાપરશો.
- આપના વાહનનું એંજિન ટ્યુનિંગ નિયમિત કરાવશો.
- આપના વાહનમાં યોગ્ય માત્રમાં તથા ગુણવત્તાવાળું ઓઇલ વાપરશો.
- આપના વાહનની નિયમિત સર્વિસ ઓથોરાઇઝ ડીલર પાસેથી કરાવશો.
- આપના વાહનના ઓઇલ તથા એર ફિલ્ટર નિયમિત સાફ કરાવશો.
- આપના વાહનનું ટાયર પ્રેસર નિયમિત ચેક કરાવશો.
- આપના વાહનમાં ઓવરલોડ માલ તથા ઉતારૂઓ ના બેસાડશો.
- શકય હોય તો આપના વાહનમાં સરકાર માન્ય તથા ઓથોરાઇઝ ડીલર પાસેથી એલપીજી તથા સીએનજી કીટ ફીટ કરાવશો.
- આપના વાહનનો ઉપયોગ મર્યાદિત પ્રમાણમાં કરશો.
- આપનો રૂટ પ્લાન અગાઉથી તથા સમયસર કરશો.

### ❖ મહેસાણા જીલ્લાના puc સેન્ટરની યાદી જોવા અહી ક્લિક કરો.




ફોટો ક્રેડીટ © 2023 વાહનવ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત સરકાર

DISTRICT INSTITUTE OF EDUCATION & TRAINING MEHSANA

D.I.E.T. MAHESANA

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા